


અમરેલી અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

# અવધ ટાઇમ્સ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૩-૦૦
તા.૦૫-૦૭-૨૦૨૪ શુક્રવાર

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ
૬૩,૨૫૦/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૦૩-૦૭-૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઇમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ જેઠ વદ ૩૦ વર્ષ : ૨૮ અંક ૨૭૭

### આપણું અમરેલી, હરિયાળું અમરેલી : વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે અમરેલી વિધાનસભા વિસ્તારમાં ગ્રીન કવર વધારવાના ઝુંબેશ

# અમરેલીમાં શ્રી કૌશિક વેકરીયાનાં હસ્તે વૃક્ષારોપણનો પ્રારંભ

## અમરેલીનાં લક્ષ્મી ડાયમંડનાં ૫૦ વર્ષ પૂર્ણ થતાં ગજેરા ટ્રસ્ટ સંચાલિત શાંતાબા મેડિકલ કોલેજ અમરેલી દ્વારા ૧ લાખ વૃક્ષો વાવવાનો સંકલ્પ લેતા શ્રી ગજેરા

## સિમંધર સોસાયટીથી અમરેલીનાં ધારાસભ્ય શ્રી કૌશિક વેકરીયાનાં હસ્તે વૃક્ષારોપણ : અન્ય વિસ્તારોમાં પણ વૃક્ષારોપણ કરવા શ્રી વેકરીયાનો સંકલ્પ



અમરેલી,

અમરેલી-વડિયા-કુંકાવાવ વિધાનસભાના ધારાસભ્યશ્રી અને ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાએ અમરેલીને વિકસીત સાથે હરિયાળુ બનાવવાનો સંકલ્પ લીધો છે. કોઈ પણ વિસ્તારનો વિકાસ ત્યારે જ સમતોલિત બની શકે જ્યારે ત્યાં વિકાસ સર્વાંગી હોય. આ નેમ સાથે કટીબદ્ધ કર્તવ્યબદ્ધ ધારાસભ્ય અને નાયબ દંડક અમરેલીનું ગ્રીન કવર વધારવાનો સંકલ્પ લીધો છે.

આ અભિયાનને વેગવંતુ બનાવવા માટે ગુરૂવારે અમરેલીથી ૨૫ હજાર વૃક્ષો વાવાનો શુભારંભ કરવામાં આવ્યો છે. અમરેલી લીલીયા રોડ પર આવેલ સીમંધર સોસાયટીમાં ગુજરત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલીનાં ધારાસભ્ય કૌશિકભાઈ વેકરીયાનાં હસ્તે વૃક્ષોરોપણ કરવામાં હતુ


તથા લાઠી રોડ વોર્ડ નંબર માં ભકિતનગર, વૃંદાવનપાર્ક, પ્રમુખ સ્વામિ, માધવનગર, ધરમનગર, નારાયણનગર, યોગીનગર, જલારામ નગર વગેરે સોસાયટીઓમા વૃક્ષારોપણ સાથે તેના જતનનો સંકલ્પ લઈને અમરેલીને હરિયાળું બનાવવા સૌ ઉપસ્થિત આગેવાનોએ પ્રતિબદ્ધતા દર્શાવી હતી. અમરેલીનું ગ્રીન કવર વધારવાનો સંકલ્પ લેતા લક્ષ્મી ડાયમંડનાં ૫૦ વર્ષ પૂર્ણ થતાં ગજેરા ટ્રસ્ટ પણ આ અભિયાનમાં સહભાગી થવા જઈ રહ્યું

(અનુ. પાના નં.૩)



















## સારંગપુરમાં ગુજરાત પ્રદેશ ભાજપની કારોબારીનો પ્રારંભ થયો તે સ્થળને શણગારી

# ભાજપ કારોબારીને સુશોભિત કરતાં શ્રી વિઠલ બાંભરોલીયા

### સાળંગપુર ખાતે શરૂ થયેલ બે દિવસીય કારોબારી બેઠકના ભાગરૂપે અમરેલીના શ્રી વિઠલભાઇ બાંભરોલીયાએ અવનવા કટઆઉટ પોર્ટ્રેટ સાથે સુશોભન કર્યુ

### પ્રદેશ ભાજપની બેઠકમાં અમરેલીના શ્રી બાંભરોલીયાએ વાહ વાહ મેળવી પોતાની કલા થકી કારોબારીને કટઆઉટમાં કંડારી અમરેલીનું નામ દિપાવ્યું

### પ્રદેશ ભાજપ પ્રમુખશ્રી સી.આર. પાટિલની ઉપસ્થિતિમાં શરૂ થયેલી કારોબારીમાં ૧૩૦૦થી વધુ કાર્યકરો અને હોદેદારોની ઉપસ્થિતિ : એનડીએની સરકાર બનતાં અભિનંદન પ્રસ્તાવ








અમરેલી,

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી જણાવે છે કે, આગામી સમયમા ગુજરાત પ્રદેશ કારોબારી યોજાનાર છે જે અંતર્ગત વિસ્તૃત માહિતી પ્રેસ કોન્ફરન્સ થકી આજ રોજ પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે પ્રદેશના મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલે મીડિયાને આપી હતી.

પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલે માહીતી આપતા જણાવ્યું કે, આગામી ૪ અને ૫ જૂલાઈના રોજ ભાજપ ગુજરાત પ્રદેશની કારોબારી મ્હઁજી અક્ષર પુરષોત્તમ સ્વામિનારાયણ મંદિર સારંગપુરના બોટાદ જીલ્લામા યોજાવા જઈ રહી છે. પ્રદેશની કારોબારી નિરંતર સમયના ભાગરૂપે યોજાતી હોય છે જેના ભાગ રૂપે આગામી કારોબારી પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલજીના અધ્યક્ષસ્તામા યોજાશે. આ કારોબારી બેઠકમા કેન્દ્રીયનેતૃત્વ પણ ઉપસ્થિત રહેશે. કારોબારી બેઠકમા વિવિધ વિષયો ઉપર માર્ગદર્શન આપવામા આવનાર છે તેમજ દેશમા સતત વખત આદરણીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીસાહેબના નેતૃત્વમા એનડીએની સરકાર બનતા અભિનંદન પ્રસ્તાવ પસાર કરવામા આવશે. કારોબારી બેઠકમા પ્રદેશના હોદેદાર થી મંડળના પ્રમુખ સુધીના કાર્યકર્તાઓ અપેક્ષીત છે. ૧૩૦૦થી વધુ સંખ્યામા કાર્યકર્તાઓ કારોબારી બેઠકમા ભાગ લેશે. કારોબારીમા જે પણ ચર્ચા થશે તેની માહિતી મીડિયા વિભાગ દ્વારા મીડિયાને આપવામા આવશે. કારોબારી સફળતા યોજાઈ તે માટે પ્રદેશની એક ટીમ પણ બનાવવામા આવી છે. આ પ્રેસ કોન્ફરન્સમા પ્રદેશના મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલ, મુખ્ય પ્રવકતાશ્રી યમલભાઈ વ્યાસ, પ્રદેશના સહ પ્રવકતાશ્રી હિતેન્દ્રભાઈ પટેલ, પ્રદેશના રાજકોટ જીલ્લાના પ્રભારી અને પ્રદેશ કારોબારીના ઈન્ચાર્જશ્રી ધવલભાઈ દવે, શ્રી અનિલભાઈ પટેલ તેમજ પ્રદેશના મીડિયા સહ કન્વીનરશ્રી ઝુબિનભાઈ આશરા ઉપસ્થિત રહ્યા હતા. તેમ ડો.યજ્ઞેશ દવે (પ્રદેશ કન્વીનર)એ જણાવ્યું છે.

## શ્રી કષ્ટભંજનદાદાનાં સાનિધ્યમાં

# સાળંગપુરમાં દર્શન કરી આશિર્વાદ લેતા ધારાસભ્યશ્રી હિરાભાઇ સોલંકી

### પુજ્ય પ્રમુખ સ્વામી મહારાજનાં આશિર્વાદ લઇ શ્રી સોલંકીએ ધન્યતા અનુભવી





રાજુલા, (કનભાઉ વરૂ)

આસ્થાસ્વરૂપ શ્રીકષ્ટભંજનદાદાના સાનિધ્યમાં કુદરતી હરિયાળી, શાંત અને દિવ્ય વાતાવરણ વચ્ચે સ્થાપિત સારંગપુર ધામ ખાતે શ્રી કષ્ટભંજન દેવસ્થાનના ધારાસભ્ય હીરાભાઈ સોલંકીએ દર્શન કર્યા તેમજ પૂ.ભાનુસ્વામીના આશીર્વાદ કર્યા. આ અવસરે ગુજરાત સરકારના પૂર્વ મંત્રી શ્રી ધર્મેન્દ્રસિંહ જાડેજા (હકુભા), અમરેલી જિલ્લા સંસદસભ્ય ભરતભાઈ સુતરીયા પૂર્વ સંસદસભ્ય નારણભાઈ કાછડીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મુંબઇ ખાતે શ્રી વિરેનભાઇ સાગરનાં નિધનથી પરજીયા સોની સમાજમાં ઘેરો શોક

# પરજીયા સોની સમાજનાં અગ્રણી દાતાશ્રી શ્રી વિરેનભાઈ વસંતભાઈ સાગરનું નિધન

### દ્વારકા, જુનાગઢ, મુંબઇ, જામનગર, ભાણવડ સહિત શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી



અમરેલી,

મુંબઈ ખાતે પરજીયા સોની સમાજનાં અગ્રણી દાતાશ્રી શ્રી વિરેનભાઈ વસંતભાઈ સાગરનું નિધન થતા શ્રી વિરેનભાઈ સાગરનાં નિધનથી પરજીયા સોની સમાજમાં ઘેરો શોક છવાયો છે. સ્વ.વિરેનભાઈને અને તેમના પિતાશ્રીએ કરેલા સમાજ સેવાનાં કાર્યોને યાદ કરી જુનાગઢ, મુંબઈ, જામનગર, ભાણવડ સહિત શ્રધ્ધાંજલી પાઠવવામાં આવી છે. શ્રી પરજીયા પટ્ટણી સોની જ્ઞાતી જુનાગઢ દ્વારા જણાવાયું છે કે, શ્રી વિરેનભાઈ સાગરનું જીવન આપણાં સમાજ માટે એક પ્રેરણા સમાન છે તેમનાં જીવન દરમ્યાન અનેક પ્રેરણા દાઈ કાર્યો કરેલા છે. આપણાં સમાજને ખુબજ સહકાર આપેલ છે. શ્રેષ્ઠી દાતા તરીકે તેઓ અને તેમનાં પરિવારનું અને આપણા સમાજ માટે અગ્રેસર હતાં.

શ્રી સમસ્ત પરજીયા સોની કેળવણી મંડળ જામનગર તથા શ્રી પરજીયા સોની જ્ઞાતી ભાણવડ અને શ્રી સોની ન્યાત સમસ્ત વાડી દ્વારકાએ શોક ઠરાવ પસાર કરી જણાવ્યું છે કે, સદગત વિરેનભાઈ અને તેમના પિતાશ્રી વસંતભાઈ સાગર જ્ઞાતીની સંસ્થાઓ પ્રત્યે ખુબ જ આત્મીય લાગણી ધરાવતા હતાં. સદગત વિરેનભાઈનાં અવસાનથી જ્ઞાતીએ ઉમના અને સનિષ્ઠ જ્ઞાતીજન ગુમાવ્યાં છે.

ત્યારે શ્રી મુંબઈ ઉપનગર પરજીયા સહકારી સોસાયટી બોરીવલી સોનીવાડીએ શોક ઠરાવમાં જણાવ્યું છે કે, શ્રેષ્ઠી દાતા તરીકે તેઓ અને તેમના પરિવાર સંસ્થામાં અગ્રેસર હતાં. સ્વ.વિરેનભાઈ જેવા કાર્યકર્તા સમાજને જવ્વલે જ મળે. કોમળ હૃદય, દ્રઢ મનોબળ અને અખુટ લાગણીનાં ધણી શ્રી વિરેનભાઈની સમસ્ત સમાજની મોટી ખોટ છે.

## શ્રી રાખોલીયા પરિવારનું ઉમદાકાર્ય

# બાબરાનાં શ્રી નારણભાઇ રાખોલીયાનું નિધન થતા પાણી ઢોળનાં દિવસે ૩૦૦ વૃક્ષોનું વિતરણ

### ભાજપ પ્રમુખ શ્રી અશોકભાઇ રાખોલીયાએ વૃક્ષ ઉછેરવા સંકલ્પ

બાબરા, (દિપક કનૈયા)

બાબરા તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ રાખોલીયા અને પ્રવિણભાઈ રાખોલીયા ના પિતાશ્રી સ્વઃ નારાયણભાઈ ના દુઃખદ અવસાન બાદ તેમની ક્રિયા વિધિ પાણી ઢોર ના દિવસે વૃક્ષો નું વિતરણ કરાયું આંબા સહિત ૩૦૦ વૃક્ષો નું વિતરણ કરવામાં આવ્યું છે રાખોલીયા પરિવાર દ્વારા તેમજ ઘર આંગણે વૃક્ષ વાવી સારી રીતે ઉછેરી પિતાની યાદ હરહંમેશ રહે તેવો સંકલ્પ કર્યો મહેમાનો અને સ્નેહીજનો એ કાર્ય ને આવકાર્ય ઉપસ્થિત હતુ.




૧૯૯૬ થી અમરેલીમાં નિયમિત મળે છે
સફેદ દાગ-સોર્યાસીસ
ચામડીના રોગો-ખરતાવાળ-ખોડો-ઉંદરી
વૈદ્ય દિનેશભાઇ ગોરધનદાસ
(આયુ રત્ન) (જુનાગઢ વાળા)
રામભરોસે ગેસ્ટ હાઉસ ટાવર પાસે, અમરેલી
અમરેલીમાં દર ગુરૂવારે મળશે
રાજુલામાં દર શુક્રવારે મળશે
Mo. 98243 50688


## સોમનાથમાં દરિયાકાંઠેથી ૭૩ લાખની કિંમતનો ગેરકાયદેસર ચરસનો જથ્થો ઝડપાયો

# સામાન્ય રેલવે મુસાફરોની સુવિધાઓ પર રેલવે નું ફોકસ : કોચ ઉત્પાદનમાં થયો વધારો

### રેલવે દ્વારા ૨૦૨૪ અને ૨૦૨૫ દરમિયાન ૧૦૦૦૦ નોન-એસી કોચો નું ઝડપથી ઉત્પાદન

અમરેલી,

મુસાફરોના જીવનને સરળ બનાવવા માટે, ભારતીય રેલ્વેએ આગામી બે વર્ષ માટે લગભગ ૧૦,૦૦૦ નોન-એસી કોચ બનાવવાની યોજના બનાવી છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬ દરમિયાન લગભગ ૧૦૦૦૦ કોચનું ઉત્પાદન કરવામાં આવી રહ્યું છે, જેમાં ૫૩૦૦ થી વધુ જનરલ કોચ સામેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં, રેલવે ભારત જનરલ કોચો સહિત ૨૬૦૫ જનરલ કોચ, અમૃત ભારત સ્લીપર કોચો સહિત ૧૪૭૦ નોન એસી સ્લીપર્સ, અમૃત ભારત એસએલઆર કોચો સહિત ૩૨૩ એસએલઆર કોચ, ૩૨ ઉચ્ચ ક્ષમતા વાળી પાર્સલ વાન અને ૫૫ પેન્ટ્રી કાર બનાવવાની યોજના બનાવી છે.

નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬માં, રેલવે અમૃત ભારત જનરલ કોચ સહિત ૨૭૧૦ જનરલ અમૃત ભારત સ્લીપર કોચ સહિત ૧૯૧૦ નોન એસી સ્લીપર્સ, અમૃત ભારત એસએલઆર કોચ સહિત ૫૧૪ એસએલઆર કોચ, ૨૦૦ ઉચ્ચ ક્ષમતાવાળી પાર્સલ વાન અને ૧૧૦ પેન્ટ્રી કાર બનાવવાની યોજના બનાવી છે.

રેલ સેવાની માંગ બદલાતી રહે છે અને મોસમી ફેરફારો, પેસેન્જર ટ્રાફિકમાં વધારો વગેરેને આધારે ઘટતી/વધતી રહે છે. કોચો જરૂરિયાત આ પરિબળો પર આધારિત છે અને વાર્ષિક કોચ ઉત્પાદન કાર્યક્રમમાં તેનો સમાવેશ થાય છે. કોચો નું ઉત્પાદન સામાન્ય રીતે જરૂરિયાત મુજબ થાય છે.

## ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧૦ તાલુકામાં ૫ ઇંચ વરસાદ

# બાબરામાં આરોગ્ય કેન્દ્રનું નવું બિલ્ડિંગ અને ડોકટરોની નિમણૂંક કરવા ધારાસભ્યશ્રી જનક તળાવીયાની રજૂઆત

### રાજ્યનાં આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશ પટેલને ધારદાર રજુઆત



અમરેલી, અમરેલી જિલ્લાના બાબરા શહેરમાં આરોગ્ય કેન્દ્રના નવા બિલ્ડિંગ અને ડોકટરોની નિમણૂક કરવા માટે લાઠી-બાબરા વિસ્તારના જાગૃત જનકભાઈ તળાવીયા દ્વારા આરોગ્યમંત્રીશ્રી ષિકેશભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરી હતી. આ વિસ્તારના લોકોની સુખાકારી માટે ધારાસભ્યશ્રી સતત વિકાસના કામો લાવવા માટે કાર્યશીલ જોવા મળી રહ્યા છે. લાઠી શહેરમાં ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયાના પ્રયાસોથી ૫૬ કરોડના ખર્ચે એ નવી સિવિલ હોસ્પિટલની મંજૂરી મળી છે. ત્યારે બાબરા વિસ્તારમાં પણ વર્ષોથી જર્જરિત આરોગ્ય કેન્દ્રના બિલ્ડિંગ અને ડોકટરોની નિમણુંકને લઈને આરોગ્યમંત્રીશ્રી ષિકેશભાઈ પટેલને પત્ર લખી રજૂઆત કરવામાં આવી છે. આ પત્રમાં લખવામાં આવ્યું છે કે, હાલ બાબરા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે પરંતુ આ આરોગ્ય કેન્દ્ર છેલ્લા ઘણા સમયથી જર્જરિત હાલતમાં છે. આ આરોગ્ય કેન્દ્ર ખુબજ નાની જગ્યામાં હોવાથી દર્દીઓને અને તેની સાથે આવેલ સગા સબંધીઓને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. તો આ આરોગ્ય કેન્દ્રને અન્ય જગ્યાએ ફેરવી નવું બિલ્ડિંગ બનાવવું જરૂરી છે તેમજ આરોગ્ય કેન્દ્ર ખાતે ગાયનેક, ઓર્થોપેડીક, પીડીયાટીશિયન, એમ.એસ વિગેરે પ્રકારના ડોકટરોની ખાસ જરૂરિયાત છે. હાલ આ પ્રકારના ડોકટરો નથી તો ડોકટરશ્રીઓની નિમણૂક કરવા આવે અને નવું બિલ્ડિંગ બનાવવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી હતી. તેવામાં બાદ જનકભાઈ સતત પોતાના મત વિસ્તારના લોકોની સમસ્યાને સરકાર સુધી પહોંચાડી રહ્યા છે. જેનો ફાયદો વિસ્તારના લોકોને મળી રહ્યો છે. ત્યારે ધારાસભ્યશ્રીની રજૂઆતથી બાબરા પંથકના લોકોમાં ખુશી જોવા મળી રહી છે.

# બગસરામા રવિવારે રક્તદાન કેમ્પ યોજાશે

બગસરા, (રૂપેશ રૂપારેલિયા) બગસરા શહેરમાં આગામી ૦૭/૦૭/૨૦૨૪ ને રવિવારે સમય સવારે ૦૮ થી ૧ વાગ્યા સુધી સાંકેતવાસી હરિલાલ પ્રેમ શંકરભાઈ વ્યાસ મામા ના સ્મરણાંથે શ્રી વિમલબેન હરિલાલ વ્યાસ શીતલ આઈસ્ક્રીમ વાળા પરિવારના આર્થિક સહયોગથી શિવ બાબા માનવસેવા ગ્રુપ બગસરા તથા બાળકેળવણી મંદિર દ્વારા આયોજિત ભવ્ય રક્તદાન કેમ્પનું આયોજન કરેલ છે ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી અમરેલીના સહયોગથી રક્તદાન કેમ્પ નું આયોજન કરેલ હોય વધારે ને વધારે રક્તદાતાઓએ રક્તદાન કરવા આયોજન કો તરફથી અપીલ કરવામાં આવે છે રક્તદાન કરવા આવનારને સન્માનપત્ર તથા યાદગીરી રૂપે ભેટ આપવામાં આવશે કેમ્પનું સ્થળ બાળકેળવણી મંદિર પોલીસ સ્ટેશન ની બાજુમાં બગસરા મુકામે રાખેલ છે આ કેમ્પની વધુ માહિતી માટે પંકજભાઈ ગાંગડીયા નો સંપર્ક કરવો જેનો મોબાઈલ નંબર ૨૭૫ ૨૬ ૬૯૯ છે


અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

મકાન વેચવાનું છે
અમરેલીમાં ચક્કરગઢ રોડ ઉપર સંકુલની પાસે ક્રિષ્ના પાર્કમાં 2BHK મકાન જેમાં પાણીનો દાર, ફોરવ્હીલ પાર્કિંગ સહિત તમામ સુવિધા ધરાવતુ કોર્નરનું મકાન વેચવાનું છે
સંપર્ક : ૮૭૫૮૦ ૯૩૦૩૦, ૮૭૫૮૭ ૯૩૦૩૦

મકાન વેચવાનું છે
''જોતા જ ગમી જાય તેવુ''
રોડ ટચ, સંકુલની સામે, ચક્કરગઢ રોડ, અમરેલી. ફુલ ફર્નિચર, પાર્કિંગ સાથે (ગેસ, ગટર, પાણી કનેકશન) 2BHK મકાન વેચવાનું છે
સંપર્ક : ૯૪૨૯૩ ૫૧૮૭૮, ૬૩૫૧૧ ૭૦૩૪૦

મકાન વેચવાનું છે
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો) મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

લાઠીમાં મોકાની દુકાન વેચવાની છે
લાઠીમાં કલાપી ચોકમાં ચાવંડ દરવાજા પાસે ડબલ શટરવાળી તદન નવા બાંધકામવાળી જેમાં ઉપર હોલ ૨૨ x ૨૦ ફુટનો બે માળની અતિ મોકાની દુકાન, ટાઇટલ કલીયર હોસ્પિટલ, મોલ તેમજ શો-રૂમ લાયક જગ્યા વાળી દુકાન કસમાં વેચવાની છે
સંપર્ક : મો.૯૪૨૬૪ ૩૭૫૯૨

### ૧૦૨ માં 'આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ' નિમિતે તા. ૬ જુલાઈના કાર્યક્રમ : શ્રી દિલીપ સંઘાણી દ્વારા તડામાર તૈયારી

# કાલે શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં 'સહકાર સે સમૃદ્ધિ' કાર્યક્રમ

### શ્રી દિલીપ સંઘાણીનાં નેતૃત્વમાં યોજનાર રાષ્ટ્રકક્ષાનાં કાર્યક્રમમાં દેશભરમાંથી સહકારી ક્ષેત્રના આગેવાનો, પ્રતિનિધિઓ અને સભાસદો સહભાગી થશે

### ગાંધીનગરમાં મહાત્મા મંદિર ખાતે યોજનાર રાષ્ટ્રકક્ષાએ 'સહકાર સે સમૃદ્ધિ' કાર્યક્રમની તૈયારીઓની સમીક્ષા કરતા સહકાર મંત્રીશ્રી જગદીશ વિશ્વકર્મા





અમરેલી,

૧૦૨મા 'આંતરરાષ્ટ્રીય સહકારિતા દિવસ' નિમિતે આગામી તા. ૬ જુલાઈના રોજ દેશમાં પ્રથમવાર ગુજરાતમાં મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહની અધ્યક્ષતામાં રાષ્ટ્રીય કક્ષાનો 'સહકાર સે સમૃદ્ધિ' કાર્યક્રમ યોજાશે સહકાર મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્માની ઉપસ્થિતિમાં ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીએ મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતું. કેન્દ્રીય સહકાર મંત્રી શ્રી અમિત શાહની અધ્યક્ષતામાં તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં તા. ૬ જુલાઈના રોજ સવારે ૧૦.૦૦ કલાકે મહાત્મા મંદિર ખાતે યોજાનાર 'સહકાર સે સમૃદ્ધિ' કાર્યક્રમની તૈયારીઓનું નિરીક્ષણ કરીને આજે સહકાર શ્રી જગદીશ વિશ્વકર્માએ સમીક્ષા બેઠક યોજી હતી જેમાં ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણી, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેંકના ચેરમેન શ્રી અજય પટેલ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

ઈફકોના ચેરમેન શ્રી દિલીપ સંઘાણીએ સહકાર સે સમૃદ્ધિની કાર્યક્રમની વધુ વિગતો આપતા કહ્યું હતું કે, સહકારથી સમૃદ્ધિ તેમજ આત્મનિર્ભર ભારતના સ્વપ્નને સાકાર કરવાના હેતુથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શનમાં ત્રણ વર્ષ પહેલા દેશમાં પ્રથમવાર અલગ સહકારિતા મંત્રાલયની રચના કરવામાં આવી છે. ગુજરાતના પનોતા પુત્ર અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહને આ મંત્રાલયની જવાબદારી સોંપવામાં આવી છે. દેશમાં સહકારિતા મંત્રાલયના સફળતાપૂર્વક ત્રણ વર્ષ નિમિતે ગુજરાતમાં પ્રથમવાર આંતરરાષ્ટ્રીય કક્ષાનો સહકાર કાર્યક્રમની ઉજવણી કરાશે.

દિલીપ સંઘાણીએ કહ્યું હતું કે, કેન્દ્રીય સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં કેન્દ્ર સરકારે સહકારિતામાં એક એકરૂપતા લાવીને એકસમાન કામ કરવાના હેતુથી વિવિધ ૧૭ ભાષાઓમાં મોડેલ બાય લોઝ તૈયાર કરવામાં આવ્યા છે જેનો તમામ રાજ્યોએ સહર્ષ સ્વીકાર કર્યો છે જેના પરિણામે દેશના તમામ રાજ્યો સહકારિતા ક્ષેત્રમાં નવા નવા આયામો કરવામાં આવ્યા છે. આજે સહકારિતાના અનેક ક્ષેત્રોમાં વિવિધ પ્રવૃત્તિઓના ભાગરૂપે દેશના યુવાનો માટે રોજગારીની નવી તકો ઉપલબ્ધ થઈ રહી છે.

તેમણે કહ્યું હતું કે, આ કાર્યક્રમમાં ગુજરાત સહિત દેશભરમાંથી અંદાજે ૫,૦૦૦થી વધુ પ્રાઈમરીથી એપેક્ષ બોડીના સભ્યો, ૨૦૦થી વધુ રાષ્ટ્રીયકક્ષાના સહકારના પ્રતિનિધિઓ, દૂધમંડળીઓ-સંઘો, સહકારી બેંકો, ઈફ્કો સહિત વિવિધ સહકારી સાથે જોડાયેલા સંગઠનો, આગેવાનો અને સભાસદો સહભાગી થશે.

### કલેક્ટરશ્રી અજય દહિયાએ પ્રાકૃતિક ખેતી માટે આહવાન કર્યુ

# અમરેલી જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની બોલબાલા : જિલ્લાના ૩૧,૯૮૧ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ પધ્ધતિ અપનાવી

### ખેડૂતો ઘર બેઠાં પ્રાકૃતિક કૃષિ પેદાશોનું કરી રહ્યા છે વેચાણ : કુરિયર સેવા દ્વારા ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે પ્રાકૃતિક ખેત પેદાશો



અમરેલી,

અમરેલી જિલ્લાના ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિમાં કાઠું કાઢ્યું છે, જિલ્લામાં ૩૧,૯૮૧ ખેડૂતોએ પ્રાકૃતિક કૃષિ અપનાવી ચૂક્યા છે ઘર બેઠાં જ પ્રાકૃતિક ઢબે ઉત્પાદિત પ્રાકૃતિક ખેત પેદાશોનું વેચાણ કરી રહ્યા છે. ખેડૂતો કુરિયર સેવા દ્વારા પણ પ્રાકૃતિક ખેત પેદાશોને ગ્રાહકો સુધી પહોંચાડી રહ્યા છે. આ સંદર્ભે અમરેલી જિલ્લાના આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી ડી.એમ. નિનામા જણાવે છે કે, જિલ્લામાં પ્રાકૃતિક ખેતીની મુહિમ ખૂબ તેજીથી આગળ વધી રહી છે, અંદાજે ૩૪,૮૯૫ એકરમાં પ્રાકૃતિક કૃષિ થઈ રહી છે. મગફળી, સોયાબીન, તલ, મગ, અડદ વગેરે પાકો ઉપરાંત શાકભાજી અને બાગાયતી પાકોની ખેતી કરવામાં આવી છે. તેમણે કહ્યુ કે, ખેડૂતોને પ્રાકૃતિક ખેત ઉત્પાદનોના વેચાણ માટે એક પ્લેટફોર્મ મળી રહે તે માટે જિલ્લા પંચાયત, કલેક્ટર કચેરી ઉપરાંત સેન્ટર પોઈન્ટ સર્કલ ખાતેથી જુદી પ્રાકૃતિક ખેત પેદાશોનું વેંચાણ કરવામાં આવી રહ્યું છે. લોકો સુધી પ્રાકૃતિક ખેતી અને પેદાશોના ફાયદાઓ લોકો સુધી પહોંચે તે માટે પ્રજાલક્ષી સરકારી કાર્યક્રમોમાં પણ પ્રાકૃતિક ખેત પેદાશોના વેચાણ સહ પ્રદર્શન પણ ગોઠવવામાં આવે છે. રાજ્યપાલશ્રી આચાર્યદેવવ્રતજી અને ગુજરાત રાજ્ય સરકારની નેમ મુજબ પ્રાકૃતિક ખેતી આવશ્યક અને સમયની છે. સાથે જ જમીનની તંદુરસ્તી-ફળદ્રુપતા જાળવવા માટે અને એક પ્રકારે લોકોને રોગોથી બચવા માટે પણ પ્રાકૃતિક પેદાશો મજબૂત વિકલ્પ બનીને ઉભરશે. તેમ જણાવતા શ્રી નિનામાએ ઉમેર્યુ કે, પ્રાકૃતિક કૃષિને વેગ મળે તે માટે જિલ્લા કલેકટર શ્રી અજય દહિયા દ્વારા સમયાંતરે તે અંગેની સમીક્ષા કરવાની સાથે જરુરી માર્ગદર્શન આપવામાં આવી છે. જિલ્લા વિકાસ અધિકારી શ્રી પી.બી. પંડ્યા દ્વારા પણ પ્રાકૃતિક કૃષિને પ્રોત્સાહન મળે તે માટે જરુરી સહયોગ મળી રહ્યો છે. આત્મા પ્રોજેક્ટના ડેપ્યુટી ડાયરેક્ટર શ્રી દિલીપ ચાવડા અને અમરેલી જિલ્લાની આત્મા પ્રોજેક્ટની ટીમ પ્રાકૃતિક કૃષિની મુહિમને આગળ વધારવા માટે સતત કાર્યરત છે.

# કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી શિવરાજસિંહ ચૌહાણને ખેતીલક્ષી રજૂઆત કરતા શ્રી જે.વી. કાકડીયા

### રાષ્ટ્રિય મહાસચિવ શ્રી તરૂણભાઇ ચુગ સાથે મુલાકાત કરતા શ્રી કાકડીયા





અમરેલી,

કેન્દ્રીય કૃષિ મંત્રી શ્રી શિવરાજસિંહ ચૌહાણને લઈને ખેતીલક્ષી રજુઆત ધારીના ધારાસભ્ય શ્રી જે.વી.કાકડીયાએ કરી હતી. સાથે સાથે રાષ્ટ્રીય મહાસચિવ ભાજપ ના તરુણભાઈ ચુગ સાથે પણ મુલાકાત કરી હતી. દિલ્હી ખાતે મધ્યપ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી, ભાજપના વરિષ્ઠ નેતા અને હાલ કેન્દ્ર સરકારના કૃષિ અને ગ્રામ વિકાસ વિભાગના કેબિનેટ મંત્રી આદરણીય શ્રી શિવરાજસિંહ જી સાથે આપણા સૌના અને લોકપ્રિય ધારાસભ્ય શ્રી જે વી કાકડિયા જીએ શુભેચ્છા મુલાકાત કરી, તેમને અભિનંદન પાઠવ્યા હતાં.

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય મહાસચિવ માનનીય શ્રી તરુણ ચુગજી સાથે ધારાસભ્ય શ્રી જે વી કાકડિયા જીએ દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત કરી. આજ રોજ સાળંગપુર ખાતે (ભારતીય જનતા પાર્ટી - ગુજરાત) દ્વારા પ્રદેશ કારોબારી બેઠક માં હાજરી આપી હતી.

### પહેલા પાનાનું વૃક્ષારોપણનો પ્રારંભ

છે.

જિલ્લાના ગ્રીન કવરને તાઉતે વાવાઝોડામાં વ્યાપક નુકશાની થઈ હતી. ત્યારબાદ સામૂહિક પ્રયાસોના ભાગરૂપે વૃક્ષારોપણની ઝુંબેશ શરૂ થઈ હતી ત્યારે નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયાનું આ અભિયાન અમરેલીના સર્વાંગી વિકાસને સુદ્રઢ બનાવશે. વિકસિત ભારત, વિકસિત ગુજરાત અને વિકસિત અમરેલીના સંકલ્પમાં હરિતક્રાંતિ દ્વારા અમરેલીને હરિયાળું અને નંદનવન બનાવવા ભગીરથ પ્રયાસો કરવામાં આવશે. તકે અમરેલી પાલિકા પ્રમૂખ બીપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન મનિષભાઈ, દંડક શ્રી દિલાભાઈ વાળા, નરેશભાઈ મહેતા, પૂર્વ પ્રમુખ અને સદસ્ય શ્રી કાળુભાઈ પાનસુરીયા, ચિરાગભાઈ ચાવડા, પિન્ટુભાઈ કુરૂદંલે, હરિભાઈ કાબરીયા, ચિરાગભાઈ ત્રિવેદી, હરેશભાઈ ચાવડા, દિપકભાઈ બાંભરોલીયા સહિત સોસાયટીઓના રહીશ દ્વારા ઢોલ નગારા તથા ફુલહાર અને સાલ થી સ્વાગત કર્યુ હતું.

ગંગાવિહાર માં શ્રી નાથુભાઈ ધાંધલ, અરવિંદભાઈ ભુતૈયા, અરવિંદભાઈ શાસ્ત્રી, તથા રહીશો વૃંદાવનપાર્ક ૨ માં જીતુભાઈ જોટાસણા, ઉમેશભાઈ પંડયા, પવાર દાદા તથા બહેનો, ભક્તિનગર માં નીતીનભાઈ, રમેશભાઈ તથા સોસાયટીઓ ભાઈઓ તથા બહેનો, માધવનગરમા શૈલેષભાઈ, અધ્વર્યુ દાદા, વિશાલભાઈ, મિલનભાઈ, રેખાબેન તથા બહોળી સંખ્યામા ભાઈઓ તથા બહેનો, આનંદ મહેતા, મહેશભાઈ જળુ, વિહિપના શહેર પ્રમુખ શ્રી લીંબાણી ભાઈ, શાંતાબા ટ્રસ્ટ તરફથી ભરતભાઈ ધડુક, દિનેશભાઈ કાપડિયા, સહિતના રહ્યા હતા

---

**સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં**
**મરણ અરજી રજી.નં.૧૧/૨૦૨૪**
**અરજદાર :- શ્રી હબીબભાઈ વલીભાઈ ખોરાણી રહે. સાવરકુંડલા**
**અરજદારના વિ.વ.શ્રી કે.એમ.દવે**
**વિરૂધ્ધ :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી નગરપાલીકા સાવરકુંડલા**

**જાહેર નોટીસ**

આથી લાગતા વળતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી હબીબભાઈ વલીભાઈ ખોરાણી ઠે.ખાટકી વાડ, જુના બસસ્ટેન્ડ, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી ના દાદા સ્વ.અબ્દુલભાઈ એહમદભાઈ ખોરાણીનું અવસાન સાવરકુંડલા મુકામે તા. ૨૯-૧૧-૧૯૭૦ ના રોજ થયેલ છે જેની મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી ના દાદા સ્વ.અબ્દુલભાઈ એહમદભાઈ ખોરાણીના મરણની નોંધ મરણ રજીસ્ટરમાં સને ૧૯૭૦ માં જોતા થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૫-૦૭-૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે તો વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. આજ તા.૩૧/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

---

**સાવરકુંડલાના સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ ની કોર્ટમાં**
**મરણ અરજી રજી.નં.૧૦/૨૦૨૪**
**અરજદાર :- શ્રી હબીબભાઈ વલીભાઈ ખોરાણી રહે. સાવરકુંડલા**
**અરજદારના વિ.વ.શ્રી કે.એમ.દવે**
**વિરૂધ્ધ :- જન્મ મરણ રજીસ્ટ્રારશ્રી નગરપાલીકા સાવરકુંડલા**

**જાહેર નોટીસ**

આથી લાગતા વળતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છે કે, શ્રી હબીબભાઈ વલીભાઈ ખોરાણી ઠે.ખાટકી વાડ, જુના બસસ્ટેન્ડ, સાવરકુંડલા, તા.સાવરકુંડલા, જી.અમરેલી ના પિતા સ્વ.વલીભાઈ અબ્દુલભાઈ ખોરાણીનું અવસાન સાવરકુંડલા મુકામે તા.૦૨-૦૩-૧૯૭૦ ના રોજ થયેલ છે જેની મરણ નોંધણી રજીસ્ટરમાં તેમના મરણની નોંધ સામાવાળાની કચેરી ખાતે લખવાની રહી ગયેલ છે. જેની નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે અરજદારશ્રી ના પિતા સ્વ.વલીભાઈ અબ્દુલભાઈ ખોરાણીના મરણની નોંધ મરણ રજીસ્ટરમાં સને ૧૯૭૦ માં જોતા થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા જે નામ મરણ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલશ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાના મરણ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા મુદત તા.૦૫-૦૭-૨૦૨૪ ના રોજ સવારના ૧૧:૦૦ કલાકે રાખેલ છે તો વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે. આજ તા.૩૧/૦૫/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

(કોર્ટનો સિક્કો)

**સબડીવીઝનલ મેજીસ્ટ્રેટ**
**સાવરકુંડલા**

---

**-:: જાહેર નોટીસ ::-**

**આથી અમો નીચે સહિ કરનાર શ્રી એન. ડી. દેવમુરારી (એડવોકેટ) રહે.ચલાલા, તા.ધારીવાળા. આ જાહેર નોટીસથી જાહેર જનતાને જણાવીયે છીએ કે, અમારા અસીલ મહેન્દ્રભાઈ ભનુભાઈ બોરડ મુળ રહે.કમી કેરાળા, હાલ રહે.સુરત, ઠે.નાના વરાછા વાળા મો.નં.૯૯૭૯૫ ૨૮૭૦૫ ની સુચનાથી આ જાહેર નોટીસ આપી જાહેર જનતા તથા સરકારી, તથા અર્ધસરકારી, તમામ સંસ્થા તથા મંડળીઓને આ જાહેર નોટીસથી જાણ કરીએ છીએ કે, અમારા અસીલની રેવન્યુ રેકર્ડમાં ચાલતી ખેતીની જમીન અમરેલી જીલ્લાના ધારી તાલુકાના મોજે ગામ કમી કેરાળાની ખેડ ખાતા નંબર.૨૭૬ સર્વે નં.૨૮૩ વાળી વારસાઈની રૂઈએ હાલ તેઓના નામ જોગ ચાલી રહેલ છે જે જમીન ઉપર કોઈપણ સરકારી કે અર્ધસરકારી, બેંકો કે મંડળીઓ કે કોઈ ખાનગી ઈસમોનો કોઈપણ પ્રકારનું લ્હેણું નીકળતુ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫ માં આધાર પુરાવા સાથે અમો એડવોકેટને અથવા તો અમોના અસીલને લેખીતમાં જાણ કરશો અને સમય વિત્યા બાદ કોઈપણ વ્યક્તિનુ લ્હેણું બોજો હોવા અંગેની તકરાર ધ્યાને લેવામાં આવશે નહી હાલની આ નોટીસ અમોના અસીલને તેઓના નામ જોગ રહેલ ખેતીની જમીનનું ટાઈટલ મેળવવા તથા બોજા નોંધ બાબતે પણ ટાઈટલ મેળવવાનું હોય જેથી હાલની આ નોટીસથી જાહેર કરેલ છે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.**

**સ્થળ : ચલાલા**
**તારીખ : ૦૪-૦૭-૨૦૨૪**

**અમારા અસીલની સુચનાથી**
**એન. ડી. દેવમુરારી - એડવોકેટ**
**રહે.ચલાલા, ઠે.મારૂતી સોસાયટી મો.નં.૯૯૭૯૩ ૫૮૩૯૦**

---

મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા
ફોજદારી પરચુરણ અરજી નં. ૧૩૯-૨૦૨૪............મુ.તા.૨૫-૦૭-૨૦૨૪
અરજદાર : ભીખુભાઈ જીવાભાઈ ચાવડા રહે.સાળવા, તા.ખાંભા
અરજદારના વિ.વ.શ્રી જે.એન.જોષી
વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી સાળવા, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારના પુત્ર ચીનુભાઈનો જન્મ તા.૦૧-૦૬-૧૯૭૮ નારોજ ગામ સાળવા તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પુત્રના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૨૫-૦૭-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૨૬-૦૬-૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | (કોર્ટનો સિક્કો) | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |


**૨૪ વર્ષથી વિશ્વાસપાત્ર સ્થળ**

Haier Inspired Living | VOLTAS | BLUE STAR | Rockwell | HI-FROST



■ સરળ હપ્તાની સુવિધા
■ એક્સચેન્જ ઓફર
■ કોપરપાઇપમાં પણ ઉપલબ્ધ

કંપની માન્ય ઓર્થો. ડીલર :

**તુલસી રેફ્રીજરેશન**

છુટક તેમજ હોલસેલ ખરીદવા માટે..

દુ. ૬/૭ - ઓપેરાહાઉસ, અવધ હોટેલ પાસે, અમરેલી
મો.૯૪૨૬૨ ૮૭૦૯૭



**શું તમને સાંભળવાની તકલીફ છે ?**
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...

- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય





**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક

ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, **અમરેલી.**
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



**ડ્રીમ ફેમિલી સ્પા – ધમાકા ઓફર**





ભાઈઓ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)

બહેનો માટે Rs.699/- માં પ્રિમીયમ મસાજ

કપલ માટે Rs.1199/- માં પ્રિમીયમ મસાજ

અયોધ્યા એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, B વિભાગ, રોયલ અમોઝોન પાર્કની બાજુમાં અમરેલી.

Appointment Now Mo.8160832025

**પ્રોફેશનલ ફેમિલી સ્પા**
Since : 2018 (7 વર્ષ જુનુ)





લેડીઝ માટે Rs.799/-
કપલ માટે Rs.1399/-

ભાઈઓ માટે એક સાથે એક ફ્રી

અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે, કેરીયા-લીલીયા રોડ બાયપાસ.
એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૫-૦૭-૨૦૨૪ શુક્રવાર

# હાથરસની દુર્ઘટના : ધર્મનો ધંધો જીવલેણ પણ બની શકે : અંધશ્રદ્ધા જ આ તાંડવનું મૂળ કારણ

ઉત્તર પ્રદેશના હાથરસમાં ભોલે નામના કહેવાતા સંતના સત્સંગના સમાપન પછી થયેલી નાસભાગમાં ૧૧૨ લોકોનાં મોત થતાં આ દેશમાં હાહાકાર મચી ગયો છે. બાબા ભોલે સાંજે પોતાનો સત્સંગ પૂરો કરીને પોતાની લક્ઝુરિયસ કારમાં રવાના થતા હતા ત્યારે તેમના ભક્તજનોની ભારે ભીડ રસ્તા પર જામી ગઈ હતી. બાબા ભોલેનો કાફલો રવાના થતો હતો એટલે સિક્યુરિટી સ્ટાફે લોકોને રોકી દીધાં.

બાબાનો જયજયકાર કરતી ભીડ રસ્તા પર ઊભી હતી ને જેવો બાબાનો કાફલો રવાના થયો એવી બેકાબૂ બની ગઈ. ઘણાં લોકો બાબાની ચરણરજ એટલે કે બાબાના કારનાં ટાયરોની ધૂળ માથે ચડાવવા જમીન પર વાંકાં વળ્યાં ને પાછળથી આવેલા લોકોના ટોળાએ તેમને ગબડાવી દીધાં તેમાં નાસભાગ ધક્કામુક્કી થઈ ગઈ. આ નાસભાગમાં કોણ કઈ તરફ ભાગી રહ્યું છે તેની કોઈને ખબર જ નહોતી. બાબાના શ્રદ્ધાળુઓમાં મહિલાઓ, બાળકો ને વૃદ્ધો પણ હતાં. તેમાંથી કેટલાંય લોકો કચડાઈને મરી ગયાં. લોકો કશું જોયા વિના ભાગંભાગ જ કરતાં હતાં તેમાં ઘણાં લોકોનાં મૃત્યુ શ્વાસ રૂંધાવાને કારણે થઈ ગયાં છે.

આ એક તરફ ભારતમાં ધર્મના નામે ઘેટાનાં ટોળાં ઊભાં કરવાની માનસિકતાનું શું પરિણામ આવે એ લોકોને બતાવ્યું છે. બીજી તરફ યુપીમાં યોગી આદિત્યનાથ સરકારે રાજ્યની કાયાપલટ કરી નાખી હોવાના દાવા કરે છે એ કેટલા ખોખલા છે એ પણ છતું કરી દીધું છે. યુપીના કહેવાતા વિકાસનો અસલી ચહેરો લોકો સામે ઉઘાડો દીધો છે. બાબાના આશ્રમના અને પછી હોસ્પિટલના વીડિયો જોયા પછી ખબર પડે કે, યુપીમાં વિકાસની ખાલી વાતો થાય છે, બાકી કશું બદલાયું નથી.

આ ભાગદોડમાં સ્થળ પર તો વીસેક લોકો જ મરેલાં જ્યારે બાકીનાં લોકો હોસ્પિટલમાં મરી ગયાં. બાબા ઘેટાનાં ટોળાં જેવાં લાખ માણસોને ભેગાં કરીને બેસી ગયેલા પણ સંજોગો સર્જાય તો શું કરવું તેની કોઈ વ્યવસ્થા જ નહોતી કરાયેલી.

બાબાનો સત્સંગ કાર્યક્રમ એકદમ નાના ગામડામાં યોજાયો હતો ને ત્યાં એમ્બ્યુલન્સ સહિતની કોઈ વ્યવસ્થા રખાઈ નહોતી. નજીકમાં કોઈ મોટી હોસ્પિટલ પણ નથી તેથી જે લોકો ઘાયલ હતાં તેમને ઉઠાવી ઉઠાવીને ટ્રેક્ટરોમાં નાખી નાખીને જિલ્લા મથક ઈટાહની મેડિકલ કોલેજની લવાયાં હતાં. આ મેડિકલ કોલેજની હોસ્પિટલ પણ વિદ્યાર્થીઓ પાસેથી રૂપિયા ખંખેરવા બનાવાઈ છે એ દેખાય છે કેમ કે હોસ્પિટલમાં ઘાયલોની સારવારની કઈ સવલતો નહોતી.

ટ્રેક્ટર અને બીજાં વાહનોમાં લવાયેલા ઘાયલોને હોસ્પિટલના કમ્પાઉન્ડમાં જ ઉતારી દેવાયા અને જમીન પર સૂવાડી દેવાયેલા. આ ઘાયલોને એટેન્ડ કરવા કોઈ સ્ટાફ નહોતો કે કોઈ નહોતી તેથી કલાકો લગી આ ઘાયલો કમ્પાઉન્ડમાં જ પડી રહ્યાં ને મોટા ભાગનાં લોકો તો સારવારના અભાવે જ ગુજરી ગયાં છે.

વીડિયોમાં જમીન પર પડેલા ઘાયલો દર્દથી કણસી રહ્યા છે અને તેમની સારવાર કરવા માટે કોઈ હાજર જ નથી એવું સ્પષ્ટ દેખાય છે. તેમની બાજુમાં લાશોના ઢગ ખડકાયેલા છે આ લાશો પર ઢાંકવા ચાદર સુધ્ધાં નહોતી તેથી મોતનો મલાજો પણ ના જળવાયો. આ બધું જોઈને એક ૩૦ વર્ષના કોન્સ્ટેબલને હાર્ટ એટેક આવી ગયો ને એ પણ બિચારો ગુજરી ગયો. બીજા સંખ્યાબંધ લોકો એવા છે કે જેમને હોસ્પિટલમાં લવાયાં ત્યારે તેમની હાલત સારી હતી અને સમયસર સારવાર મળી હોત બચી ગયાં હોત પણ સારવાર જ ના મળી તેમાં બાબા ભોલેના ધામમાંથી સીધાં ભોલે બાબા પાસે પહોંચી ગયાં.

આ કરૂણાંતિકા આઘાતજનક છે પણ તેના માટે પહેલાં લોકો અને પછી સરકારમાં બેઠેલા લોકો પણ જવાબદાર છે. આ દેશમાં ધર્મના નામે ભોળાં લોકોને છેતરીને પોતાની દુકાન ચલાવવાનો ધંધો ધમધોકાર ચાલે છે. એ રીતે જવાબદાર છે કે ધર્મના નામે ચાલતી દુકાનોથી મોહીને દોડી જાય છે. ભક્તિ અને શ્રદ્ધા અંગત બાબત છે ને એ ઘરમાં બેસીને પણ કરી શકાય એ સમજ લોકોમાં નથી. બાબા ભોલે દર મંગળવારે પોતાનો સત્સંગનો કાર્યક્રમ યોજે તેમાં લોકોને ખાવા-પીવાની અને ભોજનની વ્યવસ્થા કરે છે તેથી દૂર દૂરથી ભીડ બાબાના સત્સંગમાં ઊમટી પડે છે. લોકો ધર્મના બદલે ખાવા-પીવાની લાલચમાં ઊમટે એ તેમનો વાંક જ કહેવાય.

'દેશનું બંધારણ લોકોને પોતાની પસંદગીનો ધર્મ પાળવાનો અને પોતાને શ્રદ્ધા હોય તેને અનુસરવાનો અધિકાર આપે છે તેથી આ વેપલાને રોકી નથી શકાતો એ સાચું પણ ધર્મના નામે થતાં સત્સંગ કે બીજા કાર્યક્રમોમાં સલામતી અને સુરક્ષાની પૂરતી વ્યવસ્થા કરાઈ છે કે નહીં તેની ચકાસણી તો કરી જ શકાય છે. આ વ્યવસ્થા ના કરાઈ હોય એવા કાર્યક્રમોને મંજૂરી ના આપવી જોઈએ એ સરકારી નિયમ છે પણ આવા કાર્યક્રમોમાં એ નિયમ પળાતો નથી. ધર્મના નામે કંઈ પણ કરાય એટલે આખું સરકારી તંત્ર નતમસ્તક થઈ છે અને લોકોનાં જીવન સાથે થતી રમતને મૂક પ્રેક્ષક બનીને જોયા કરે છે.

આ કિસ્સામાં પણ એવું જ થયું છે કેમ કે સરકારે બાબા ભોલેના કાર્યક્રમને મંજૂરી આપેલી પણ તેમાં લોકોની સુરક્ષા માટે પૂરતી વ્યવસ્થા કરાઈ છે કે નહીં તેની ચકાસણી જ નહોતી કરાઈ. હાથરસની ઘટના પછી યોગી આદિત્યનાથે જ મુખ્ય સચિવ મનોજ સિંહ અને પોલીસ વડા પ્રશાંત કુમારને હાથરસ મોકલી દીધા હતા. બીજા બે મંત્રીઓને પણ હાથરસ મોકલવામાં આવ્યા છે અને યોગી પણ બુધવારે હાથરસ આંટો મારી આવ્યા. આ બધું અત્યારે કરવાના બદલે સત્સંગના કાર્યક્રમ પહેલાં ખાલી જિલ્લા કક્ષાના બે અધિકારીને સત્સંગ સ્થળે મોકલી દીધા હોત તો બધું ના થયું હોત.

બાબા ભોલેએ કોરોના કાળમાં લોકોની ભીડ એકઠી કરીને હજારો લોકોને કોરોનાની ભેટ આપેલી. કોરોના વખતે ફરુખાબાદમાં બાબાએ સત્યંગનો કાર્યક્રમ કરીને પચાસ હજાર લોકોની ભીડ એકઠી કરેલી. બાબા ભોલેનો આ ઈતિહાસ જોતાં સત્તાવાળાઓએ વધારે સતર્ક રહેવાની જરૂર હતી પણ એવું થયું નહીં તેમાં લોકોએ જીવ ખોયા.

પ્રકારના કાર્યક્રમોમાં વ્યવસ્થાના નામે બીજું કંઈ ઝાઝું કરવાનું પણ નથી હોતું. વાંસની મદદથી લોકો સરળતાથી લાઈનબંધ અંદર જઈ શકે ને બહાર આવી શકે એવા પેસેજ બનાવવા, મેડિકલ ઈમરજન્સી માટે એમ્બ્યુલન્સ અને મેડિકલ ટીમ તૈયાર રાખવી, વાહનો તૈયાર રાખવાં, સ્વયંસેવકોની ટુકડીઓ તૈયાર રાખવી, ફાયર સેફ્ટીનાં સાધનો તૈયાર રાખવાં વગેરે મૂળભૂત જ કરવાની હોય છે.

# રાજુલાના ડુંગરમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

## પોલિસે જુગારના પટમાંથી રોકડ રૂ/.૫૭૭૦ કબ્જે કર્યા

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

રાજુલા તાલુકાના ડુંગર ગામે જમાદાર શેરીમાં જાહેરમાં હારજીતનો જુગાર રમતા ઈકબાલ રફીકભાઈ ગાહા , સુમાર સલેમાનભાઈ ગાહા , જાવીદ જમાલભાઈ ગાહા, ઈમ્તિયાજ સીદીકભાઈ ગાહાને પો.કોન્સ. વનરાજભાઈ દાખડાએ રોકડ રૂ/.૫૭૭૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયા હતા.

# અમરેલી શહેરમાં બિમારીથી કંટાળી ગયેલ વૃધ્ધાએ અગ્નિસ્નાન કર્યુ

## દાઝી જતા વૃધ્ધાને સારવાર માટે દવાખાને ખસેડાઇ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)અમરેલી સંકુલ રોડ અમૃતધારા-૪ માં રહેતા વૃધ્ધા ચંપાબેન છગનભાઈ સોજીત્રા ઉ.વ.૮૫ ને પેટમાં અત્યંત દુખાવો થતો હોય. જે દુખાવો સહન નહી થતા પોતે પોતાની મેળે શરીરે આગ લગાવતા દાઝી જતા સારવાર માટે અમરેલી દવાખાને ખસેડાયેલ છે.

# અમરેલી લાઠી રોડે બાઈક સાથે ફોરવ્હીલ અથડાઈ

## પ્રૌઢના બાઈક સાથે ભટકાવી માથામાં ગંભીર ઈજા કરી નાસી ગયાની ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી લાઠી રોડ રસથાળ હોટલ પાસે તા.૧૯-૬ ના વિક્રમભાઈ મકવાણા સ્પ્લેન્ડર પ્લસ જી.જે. ૧૪ એચ.એલ. ૧૬૫૨ નું લઈ ધરમનગરમાં દુધ આપી ઘરે પરત આવતા હતા. ત્યારે મારૂતિ સ્વીફટ જી.જે. ૧૪ બી.એ. ૭૫૨૫ ના ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી પાછળથી બાઈક સાથે અથડાવી પછાડી ડાબા પગમાં છોલાણ કરી માથામાં હેમરેજ જેવી ગંભીર ઈજા કરી નાસી ગયાની દર્શનભાઈ વિક્રમભાઈ મકવાણાએ અમરેલી સીટી પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી તાલુકાના મારામારીના કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો કરાવતા ધારાશાસ્ત્રી જે. આર. વાળા

## ત્રીજા ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ કોર્ટનો ચુકાદો



અમરેલી,

અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના ગુના રજી. નં. ૨૦૯૧૧/૨૨થી ફરિયાદ દાખલ થયેલ જેમાં આરોપી જયદિપભાઈ બિચ્છુભાઈ વાળાની અટક કરવામાં આવેલ. ત્યાર બાદ પુરાવા એકત્ર કરી પોલીસ દ્વારા ચાર્જશીટ રજુ કરેલ અને કેસની ટ્રાયલ ચાલુ થયેલ. આ કામે ફરિયાદી તથા પંચો સાહેદો, સરકારી સાહેદો તથા એફએસએલ અધિકારી અને કેસના તપાસ કરનારને તપાસતાં અંતે ત્રીજા ચિફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટની કોર્ટે આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો હતો. જેમાં બચાવ પક્ષે વિદવાન ધારાશાસ્ત્રી જે.આર. વાળાની દલીલો કોર્ટે ગ્રાહ્ય રાખી હતી.

# સાવરકુંડલાના માનવ મંદિરે વધુ એક મનોરોગી દિકરી સાજી થઇ

## ભકિતરામ બાપુની નિશ્રામાં ૬૩ મનોરોગીઓને આશ્રય



સાવરકુંડલા,સાવરકુંડલાના મનુરોગી આશ્રમ માનવ મંદિરે થી આજે ૧૨૧મી અનુરોગી દિકરી તાજી થતા તેનો પરિવાર તેડી ગયો સાવરકુંડલા થી હાથસણી રોડ પર પાંચ કિલોમીટર દૂર માનવ મંદિર મનોરોગી આશ્રમ આવેલો છે જ્યાં પૂ. ભક્તિ બાપુ ની નિશ્રામાં હાલમાં ૬૩ મનોરોગી સારવાર લઈ પુનઃજીવન પ્રાપ્ત કરવાનો પ્રયાસ કરે માનવ મંદિર આશ્રમમાં આજ સુધીમાં ૧૨૧ મનોરોગી બહેનો દવાદુવાને હવાના માધ્યમથી પરિવારને મળી છે આ આશ્રમમાં કોઈ નાત જાતનો ભેદ નથી કોઈ પણ પ્રકારનો ફાળો કે ફી નથી માત્ર દાતાઓના સહયોગથી અને સેવકોના સહયોગથી આ આશ્રમ ચાલે છે અને ભટકતાં નિરાધાર મનોરોગી બહેનો કે જેને પોલીસ મૂકવા આવે તેને દાખલ કરવામાં આવે છે અમરેલીના પ્રખ્યાત મનોચિકિત્સક ડોક્ટર વિવેક જોશી છેલ્લા ૧૧ વર્ષથી માનવ મંદિરે દર મહિને આવી અને દરેક બહેનોને તપાસીને દવા લખી આપે છે એક રૂમમાં એક બહેનને રાખવામાં આવે છે ગુજરાત અને સમગ્ર દેશના વિવિધ રાજ્યોમાંથી અલગ ભાષાની ૬૩ બહેનો હાલમાં ભક્તિબાપુ ના આશીર્વાદ અને શાંત વાતાવરણમાં વિવિધ પ્રયોગો દ્વારા સાજી કરવામાં આવે છે ત્યારે તારીખ ૮.૩.૨૦૨૪ ના રોજ ધોરાજી પોલીસ દિવાળીબેન બચુભાઈ સાકરીયા ને દાખલ કરી ગઈ હતી જે આજે સાંજી થતાં દીવાળીબેન ને તેમના પરિવારની વિગત આપતા તેમના ભાઈ નો કરતા આજે તારીખ ૩.૭. ૨૦૨૪ ના રોજ પ્રવીણભાઈ બચુભાઈ સાકરીયા માનુમંદિરેથી તેની બહેનને તેડી ગયા જેનો ભક્તિ બાપુને રાજીપો છે જે હેતુસર આ આશ્રમની સેવા ચાલુ કરવામાં આવી હતી કે જેનું કોઈ નથી એવી રખડતી ભટકતી નિરાધાર મહિલાઓને સેવા કરી અને સાજી કરવાનો હેતુ છેલ્લા ૧૧ ધીરે ધીરે સિધ્ધ થઈ રહ્યો છે

# અમરેલી જીલ્લામાં દેશી દારૂના ત્રણ સ્થળે દરોડા : બે ઝડપાયા

## જીલ્લામાં સાત શખ્સોને ઢીંગલી થયેલ હાલતમાં ઝડપી પાડયા

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી જીલ્લામાં જુદા જુદા સાત સ્થળેથી સાત શખ્સોને નશો કરી ઢીંગલી થયેલ હાલતમાં પોલિસે ઝડપી પાડી જેલની હવા ખવડાવી સરભરા કરી હતી. જેમાં દામનગર ,લીલીયા, સાવરકુંડલા, વંડા, વડિયા, અમરેલી પોલિસે કાર્યવાહી કરી હતી. જયારે જીલ્લામાં જુદા જુદા ત્રણ સ્થળોએ પોલિસે દેશી દારૂના દરોડાઓ પાડી બે શખ્સોને મુદામાલ સાથે ઝડપી પાડયા હતા. જેમાં લીલીયા અને રાજુલા પોલિસે કાર્યવાહી હાથ ધરી હતી.

# અમરેલીની એપેક્ષ સ્કુલમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

## તાલુકા કોંગ્રેસના શ્રી મનીષ ભંડેરીના હસ્તે વૃક્ષારોપણ



અમરેલી,ધરતી ઉપર માનવ સમુદાય દ્વારા આડેધડ વૃક્ષો કપાઈ રહ્યા છે જેને લીધે ધરતી તાપમાન દિન પ્રતિદિન વધતું જાય છે, પરિણામે પશુ- પક્ષીઓ તથા માનવ સમુદાયને જીવન જીવવું મુશ્કેલ બની ગયું છે, વધતું જતું તાપમાન અને પ્રદૂષણને રોકવા માટે વૃક્ષારોપણ કરવું ખૂબ જ આવશ્યક છે ત્યારે તેના ભાગરૂપે અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ મનીષ ભંડેરી દ્વારા એપેક્ષ શાળામાં વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો, આ ઉપપ્રમુખ વિપુલ પોંકીયા તથા સુરેશભાઈ પટેલ તથા ઉપેન્દ્ર વડાલીયા તથા શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## ડો. શ્યામાપ્રસાદ મુખરજીના જન્મદિવસ નિમિત્તે

# બાબરા શહેર અને તાલુકા ભાજપ દ્વારા વિચારગોષ્ઠી યોજાઇ

## ભુપેન્દ્રભાઇ બસીયા, જીવાજીભાઇ રાઠોડ, પ્રભાતભાઇ કોઠીવાળ સહિતની ઉપસ્થિતિ



બાબરા,(દિપક કનૈયા)

બાબરા માર્કેટિંગ યાર્ડ ખાતે બાબરા શહેર ભાજપ અને તાલુકા ભાજપ દ્વારા ડો શ્યામાપ્રસાદ મુખરજી ના જન્મ દિવસ નિમિત્તે આજે યાર્ડ ખાતે વિચાર ગોષ્ટી કાર્યક્રમ બેઠક યોજાઈ હતી અમરેલી જિલ્લા ભાજપ ની સુચના મુજબ જેમા ડો શ્યામાપ્રસાદ મુખરજી ની જેવન ચરિત્ર વિશે વાતો કરવામાં આવી હતી અને તેમને કરેલા કામોનો યાદ કરી ભાજપ ના કાર્યકરો અને હોદેદારો સહિત લોકોને આ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતુ આ બેઠકમાં યાર્ડ ચેરમેન જીવાજીભાઈ રાઠોડ જીલ્લા ભાજપ ના ભુપેન્દ્રભાઈ બસિયા જીલ્લા પંચાયત ના સભ્ય હીંમતભાઈ દેત્રોજા નિતિનભાઈ રાઠોડ પ્રભાતભાઈ કોઠીવાળ શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા પૂર્વ તાલુકા પંચાયત ના પ્રમુખ ભરતભાઈ બુટાણી તાલુકા ભાજપ મહામંત્રી રાજુભાઈ વિરોજા નગરપાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકર પૂર્વ પ્રમુખ લલિતભાઈ આંબલીયા ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી રશીકભાઈ ગોઝારિયા દેવશીભાઈ મારુ સહિત આગેવાનો હોદેદારો કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા કાર્યક્રમ નું સંચાલન શહેર ભાજપ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા એ કર્યું હતું

# રાંઢીયામાં શાળા પ્રવેશોત્સવ યોજાયો

## બાળકોને હરખભેર પ્રવેશ આપી કીટ વિતરણ કરી

અમરેલી,અમરેલીનાં રાંઢીયા ગામે પ્રાથમિક શાળામાં ટીડીઓનાં અધ્યક્ષ પદે પ્રવેશોત્સવ યોજાયો હતો અને બાળકોને શિક્ષણ કીટ વિતરણ કરી હતી. ટીડીઓ શ્રી દિલીપભાઈ પંડ્યા, નિકુંજભાઈ મહેતાએ દિપ પ્રાગટ્ય કર્યુ હતુ. આચાર્ય ભાનુબેન રાઠોડ દ્વારા સ્વાગત થયું હતું. આંગણવાડી, બાલવાટીકા અને ધો.૧નાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપી આવકાર્યા હતાં. વિવિધ સ્પર્ધાઓ અને ગત વર્ષની પરિક્ષામાં આવેલ બાળકોને ઈનામ વિતરણ કર્યા હતાં. આ કાર્યક્રમાં ચંદ્રિકાબેન સોલંકી, સરપંચ અરવિંદભાઈ કાકડીયા, તોફીક અબ્બાસ નકવી સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# દિલ્હીમાં સાંસદશ્રી ભરતભાઇ સુતરીયાનું સન્માન






અમરેલીના સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાનું કોન્સટીટયુએશન કલબમાં સન્માન કરવામાં આવ્યું હતું. તે વેળાએ તસ્વીરમાં નજરે પડે છે. (તસ્વીર અને અહેવાલ ભરતભાઈ હરખાણી-કેરિયાનાગસ)

# લુવારીયામાં વન વિભાગ દ્વારા વૃક્ષારોપણ કરાયું

## વનવિભાગ દ્વારા ૧૩૦૦ ઉપરાંતના રોપાઓનું વાવેતર



લીલીયા, (મનોજ જોષી)ધારી ગીરપુર્વ નીચે આવતી સરસીયા રેન્જના લુવારીયા અનામત વન વિસ્તારમાં બીસીએફ રાજદિપસિંહ ઝાલાના માર્ગદર્શન નીચે ૧૩૦૦ વૃક્ષોનું રોપણ થયું હતું. જેમાં વડલા પીપળા, દેશી બાવળ સહિત વૃક્ષોનું રોપણ કરેલું. આ વિસ્તારમાં મોટી સંખ્યામાં સિંહો, કાળીયાદ, વગેરે વન્ય પ્રાણીઓ વસવાટ કરે છે. વન્ય પ્રાણીઓ માટે વૃક્ષો આર્શિવાદ સમાન નિવડશે. વૃક્ષા રોપણ સફળ બનવવા આરએફઓ જયોતિબેન વાજા, ફોરેસ્ટર રવિરાજભાઈ ખુમાણે જહેમત ઉઠાવી હતી.

# ગ્રહોની ચાલ

## આજનું પંચાગ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

તા ૫.૭.૨૦૨૪ શુક્રવાર ,સંવંત ૨૦૮૦ જેઠ વદ અમાસ, આર્દ્રા નક્ષત્ર ,ધ્રુવ યોગ, ચતુષ્પાદ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય. સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

વૃષભ (બ,વ,ઉ) : આર્થિક બાબતોમાં સારું રહે,અચાનક લાભ થવાના સંકેત છે. અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

મિથુન (ક,છ,ઘ) : કાર્યસિદ્ધિ આપતો દિવસ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. સામાજિક રીતે તમારા અભિપ્રાય નું મૂલ્ય વધે.

કર્ક (ડ,હ) : આજના દિવસે વાદ વિવાદ થી દૂર રહેવું,તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું. સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુ:ખ થાય.

સિંહ (મ,ટ) : આજના દિવસે આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

કન્યા (પ ,ઠ ,ણ ) : વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નોકરિયાતવર્ગને સારું રહે,વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

તુલા (ર,ત) : આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય,ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.

વૃશ્ચિક (ન ,ય ) : અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય,કાર્યને પૂર્ણ કરી શકો , પ્રગતિકારક દિવસ.

ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે,લોકચાહનામાં વૃદ્ધિ થાય , આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

મકર (ખ ,જ ) : આજના દિવસે તબિયતની કાળજી લેવી,બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

કુંભ (ગ ,સ,શ ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.

મીન (દ ,ચ ,ઝ ,થ): દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

# અમરેલી જિલ્લા સંઘમાં બિનહરિફ થતાં શ્રી મનિષ સંઘાણીનું સન્માન



અમરેલી જિલ્લા સહકારી સંઘ લી. માં ચેરમેન પદે શ્રી મનિષ સંઘાણીની બિન હરિફ વરણી થતાં સન્માન કરી રહેલા શ્રી પ્રવિણભાઈ ડાભી, શ્રીમતી રંજનબેન ડાભી તસ્વીરમાં નજરે પડે છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૦૦ થી ૧૫૨૧ મગફળી ૧૦૦૯ થી ૧૨૭૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૨૦૬-૧૨૦૬
શિંગમોટી-૧૦૦૯-૧૨૭૧
મગ-૧૧૨૧-૧૫૬૦
તલસફેદ-૧૭૦૦-૨૬૫૨
તલકાળા-૨૭૨૦-૩૧૧૦
એરંડા-૯૫૦-૧૦૬૫
ઘઉંટુકડા-૪૮૯-૫૫૯
ઘઉંલોકવન-૪૯૦-૫૬૬
રાયડો-૯૫૦-૧૧૩૨
ચણા-૧૦૯૨-૧૨૩૪
કપાસ-૯૦૦-૧૫૨૧
જુવાર-૭૧૫-૮૪૧
જીરૂ-૪૪૦૦-૫૨૨૫
ધાણા-૫૩૦-૧૩૦૦
સોયાબીન-૮૦૮-૮૩૮
તુવેર-૧૯૦૦-૧૯૨૦
સુવાદાણા-૧૫૯૦-૧૫૯૦

**અમરેલી માર્કેટયાર્ડ**
બટેટા-૩૫૦-૫૪૦
રીંગણા-૩૦૦-૪૦૦
ફલાવર-૧૦૦૦-૧૨૦૦
કોબીઝ-૫૫૦-૬૦૦
ટમેટાં-૧૧૦૦-૧૪૦૦
ફોદીનો-૬૦૦-૭૦૦
ગાજર-૬૦૦-૬૫૦
ગલકા-૪૦૦-૫૦૦
કાકડી-૫૩૦-૬૨૦
ગુવાર-૧૨૦૦-૧૪૦૦
દુધી-૩૦૦-૪૫૦
તુરીયા-૯૦૦-૧૦૦૦
ભીડો-૯૦૦-૧૦૦૦
આદુ-૧૮૦૦-૨૩૦૦
કોથમીર-૧૪૦૦-૧૫૦૦
મેથીભાજી-૯૫૦-૧૧૦૦
ટીંડોરા-૯૦૦-૧૦૦૦
લીમડોમીઠો-૧૧૦-૧૩૦
મરચાલીલા-૧૦૦૦-૧૨૦૦

લસણસુકું-૨૦૦૦-૩૨૦૦
લીંબુ-૯૦૦-૧૧૦૦
પાલક-૯૫૦-૧૦૩૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૧૫-૪૪૯
જુવાર-૫૬૧-૮૭૭
ઘઉં-૫૦૦-૫૯૧
મેથી-૧૨૦૦-૧૨૦૦
ચણા-૧૧૬૬-૧૨૦૦
તલસફેદ-૨૦૦૦-૨૩૮૬
શીંગદાણા-૧૮૦૦-૧૮૦૦
મગ-૧૫૦૦-૧૫૦૦
કપાસ-૧૨૫૦-૧૫૫૦
શીંગ-૧૦૩૦-૧૦૭૫
સોયાબીન-૮૪૧-૮૪૧

**મહુવાયાર્ડ**
ઘઉં-
ડુંગળીલાલ-
ડુંગળીસફદે-
તલસફેદ-
તલકાળા-
સોયાબીન-
ચણા-
નાળીયેર-
મેથી-
બાજરી-
જુવાર-

**બાબરા**
કપાસ-૧૩૦૬-૧૫૬૪
મગ-
ચણા-
ઘઉં-૪૮૯-૫૨૧
તલસફેદ-૨૩૮૦-૨૪૧૦
જીરૂ-૪૭૦૫-૫૪૫૫
મગફળી-૧૦૬૫-૧૧૪૫

બાજરો-

**ધારી**
જુવાર-
ચણા-૧૦૦૧-૧૨૩૦
મગફળી-૧૦૨૮-૧૦૯૫
જીરૂ-
તલસફેદ-
ધાણા-૧૨૬૦-૧૨૬૦
શીંગદાણા-૧૪૮૦-૧૮૧૦
શીંગફાડા-૧૨૫૦-૧૩૭૫
એરંડા-
સોયાબીન-૮૧૦-૮૪૦

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૧૫૧-૧૨૩૧
શીંગદાણા-૧૬૦૦-૧૯૫૧
જીરૂ-૪૮૦૦-૫૫૦૦
તલસફેદ-૨૨૦૦-૨૫૯૫
કપાસ-૧૨૫૦-૧૫૧૦
ઘઉંલોકવન-૪૫૦-૫૪૯
મગ-૧૫૦૦-૧૬૦૩
ઘઉંટુકડા-૪૬૦-૫૬૭
ચણા-૧૧૦૦-૧૩૦૦
સોયાબીન-૮૧૮
જુવાર-૪૪૦-૮૬૧
બાજરો-૩૮૦-૪૫૦
ધાણા-૧૦૦૦

**ખાંભા**
કપાસ-૧૩૫૦-૧૪૯૧
બાજરો-૪૦૦-૪૦૦
જુવારસફેદ-૮૦૫-૮૫૦
ઘઉં-૫૧૫-૫૧૫
તલસફેદ-૨૫૧૨-૨૫૧૨
સોયાબીન-૮૩૧-૮૩૧
જીરૂ-૫૧૬૦-૫૧૬૦
મેથી-૧૧૫૧-૧૧૫૧

**બગસરા**
જુવાર-૭૦૦-૭૧૦
કપાસ-૧૦૦૦-૧૩૫૦
ચણા-૧૧૪૦-૧૨૦૦
એરંડી-૧૦૫૦-૧૦૫૦
મગ-૧૫૨૧-૧૫૪૫
મગફળી-૯૦૦-૯૦૦
ઘઉંલોકવન-૪૮૦-૫૪૦
મકાઈ-૪૪૫-૪૬૦
તલસફેદ-૨૨૦૦-૨૩૧૫
ઘઉંટુકડા-૪૮૦-૪૧૫
સોયાબીન-૮૦૦-૮૨૫
ધાણા-૧૦૫૦-૧૧૫૦

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૭૦૦-૧૨૦૦
દાડમ-૫૦૦-૧૪૦૦
મુસંબી-૮૦૦-૧૨૦૦
સંતરા-૨૧૦૦-૨૬૦૦
કીવી-૩૮૦૦-૫૫૦૦
ડ્રેગન ફ્રુટ-૧૨૦૦-૨૨૦૦
કેરી-૮૦૦-૨૪૦૦
ખારેક-૨૦૦-૨૨૦૦
કેળા-૩૦૦-૪૨૦
પોપૈયા-૫૦૦-૮૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૮૦૦-૩૮૦૦

**અમરેલી આજનુ તાપમાન**
મહ ા મ તાપમાન ૩૪
ન્યુનતમ તાપમાન ૨૭.૮
ભેજનું પ્રમાણ ૮૮
પવનની ગતિ સરેરાશ ૧૦.૩

### પુજયશ્રી માંડણપીર બાપુની જગ્યામાં

# મોટા મુંજીયાસરમાં અષાઢી બીજ મહોત્સવ ઉજવાશે

## સવારે ધ્વજા ચડાવાશે, સાંજે પ્રસાદ અને ધુન ભજનનો કાર્યક્રમ યોજાશે : મહોત્સવમાં ભાવિકો ઉમટી પડશે



અમરેલી,બગસરા તાલુકાના મોટા મુંજીયાસર ગામે આવેલ દેવીદાસબાપુની જન્મભુમિ માંડણપીરબાપુની જગ્યામાં તા.૭-૭-૨૪ રવિવારના અષાઢી બીજ મહોત્સવ ધામધુમ પુર્વક ઉજવાશે.આ કાર્યક્રમમાં મોટા મુંજીયાસર અને આસપાસના લોકો શ્રધ્ધાપુર્વક અષાઢીબીજ મહોત્સવમાં જોડાશે. માંડણપીર બાપુની જગ્યામાં તા.૭-૭- રવિવારના સવારે ધ્વજાજીચડાવામાંઆવશે.

અને સાંજના અષાઢી બીજ મહોત્સવ નિમિતે પ્રસાદી તેમજ ભજન કિર્તનનો આયોજન કરવામાં આવેલ છે.માંડણપીર બાપુની જગ્યા પાસે સ્વયંભુ પૌરાણિકકાળેશ્વરમહાદેવનુંમંદિરઆવેલ છે.જયાંપણલોકોશ્રધ્ધાપુર્વકપુજનઅર્ચન કરેછે.શ્રાવણમાસમાંશ્રધ્ધાળુઓભાવપુર્વક મહાદેવનું પુજન અર્ચન કરે છે.જગ્યાની નજીક મુંજીયાસર ડેમ આવેલ પ્રકૃતિના ખોળેલોકોનેઅનેરોઆનંદમળીરહેછે.તેમ જગ્યાના મહંત નારદબાપુની યાદીમાં જણાવાયું છે.

### દેશની એકતા અને અખંડિતતાને પ્રોત્સાહન આપવા

# શ્રી સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર-૨૦૨૪ એનાયત કરાશે

## પુરસ્કાર માટે પાત્રતા ધરાવતા ભારતના નાગરિકો, સંસ્થાઓ સંગઠનો તા.૩૧ જૂલાઈ સુધી ઓનલાઈન અરજી કરી શકશે

અમરેલી,ભારતની એકતા અને અખંડિતતાને વધુ પ્રોત્સાહન આપવાના હેતુથી 'સરદાર પટેલ રાષ્ટ્રીય એકતા પુરસ્કાર - ૨૦૨૪' એનાયત કરવામાં આવનાર છે. આ પુરસ્કાર માટે પાત્રતા ધરાવતા હોય તેવા નાગરીકો, સંસ્થાઓ અને સંગઠનો તા.૩૧ જૂલાઈ ૨૦૨૪ સુધીમાં www.awards.gov.in ઓનલાઈન પોર્ટલ પર અરજી કરી શકશે. પુરસ્કાર પ્રદાન કરવા માટેના નામાંકન ભલામણ માત્ર ઓનલાઈન પોર્ટલ પર ઉપલબ્ધ છે.અત્રે ઉલ્લેખનીય છે કે, આ પુરસ્કાર સરદાર વલ્લભભાઈ પટેલની આગામી જન્મજયંતી તા.૩૧ ઓકટોબર - 'રાષ્ટ્રીય એકતા દિવસ'ના રોજ એનાયત કરવામાં આવશે, તેમ ગૃહ વિભાગ ગાંધીનગરની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# જાફરાબાદના સામાકાંઠે લોકી વિરડા વિસ્તાર બન્યું નર્કાગાર : વરસાદના પાણીથી કાદવ અને કીચડ


## કાદવ કિચડ જામી જતાં લોકો ત્રાહિમામ પોકારી ગયા : ભભુક્તો રોષ



રાજુલા,(કનુભાઈ વરૂ)જાફરાબાદના સામાકાંઠા વિસ્તારમાં લોકીવિરડા વિસ્તારમાં ગંદકીના તળાવ ભરાતાં અને વરસાદી ઝાપટા પડતાં ઠેકઠેકાણે કાદવ કીચડ નું સામ્રાજ્ય સર્જાયું છે. નગરપાલિકા તંત્ર એ પ્રિ- મોન્સુન કામગીરી માત્ર કાગળ ઉપર કરી હોવાથી વરસાદી પાણીનો નિકાલ ન થતો હોવાથી શહેરભરમાંથી ફરિયાદો ઉઠી છે. નગરપાલિકાના તંત્ર દ્વારા વર્ષ કાગળ ઉપર પ્રિ- મોન્સુનની કામગીરી કરવામાં આવતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ શહેરમાં પ્રિ- મોન્સુનની કામગીરી કાગળ ઉપર થઈ છે. સામાકાંઠા આવેલ લોકીવિરડા વિસ્તાર કે જયાં અતિશય દુર્ગંધ મારતું પાણી ગંદકીના ગંજ સામાકાંઠા ની જનતા જનાર્દન નગરપાલિકા ને સફાઈ વેરો ભરવા છતાં દ્વારા સુવિધાઓ આપવામાં ઠાગાઠૈયા લોકીવિરડા વિસ્તારમાં અતિશય ગંદકી વરસાદી પાણી અને દુર્ગંધ મારતાં ગટરના પાણી અને તમાંમ પાણીના લીધે કાદવ-કીચડ સામ્રાજ્ય આ પાણીમાંથી અહીં રહેતા લોકોનુ સ્વાસ્થ્ય જોખમાય તેવી ભિતી રહેણાંક મકાનોના આંગણે પણી ભરાવાથી ઘર અંદર પ્રવેશ કરવો તો આ ગંદુપાણી લઈ ઘરની અંદર પ્રવેશ કરવો પડે અહીંથી બંદર રોડ સુધી જવું પડતું મુશ્કેલી કારણકે આ ભરાયેલા પાણી માંથી પસાર થવું પડે છે. ટુ વ્હીલર ચાલકોને પણ પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. આ પાણીના લીધે કોઈ મોટી બીમારી પગપેસારો કરે તે પહેલાં આ દુર્ગંધ મારતું પાણી થતાં કાદવ કીચડ નો તાત્કાલિક ધોરણે પાલિકા નિકાલ આવે તેવી અહીં રહેતા રહીશો માંથી માંગ ઉઠી છે.

## સમગ્ર ગુજરાત સંક્ષિપ્ત

# હાથરસમાં મૃતકોના પરિવારોને મોરારિબાપુની શ્રધ્ધાંજલિ અને સહાય



રાજુલા,(કનુભાઈ વરૂ) ગઈકાલે ઉત્તર પ્રદેશના હાથસસ ખાતે યોજાયેલા સત્સંગના કાર્યક્રમમાં ભાગ દોડ થવાથી પ્રાપ્ત માહિતી મુજબ ૧૨૪ લોકોનાં મોત નિપજયા છે. છેલ્લા કેટલાક સમયમાં ન ઘટી હોય તેવી આ કરુણાંતિકામાં અનેક લોકોનાં દુ:ખદ મૃત્યુ નિપજયાં છે. પૂજ્ય મોરારીબાપુને આ ઘટના વિશે માહિતી મળતા તેમણે મૃત્યુ પામેલા લોકો પ્રત્યે સંવેદના વ્યક્ત કરી છે અને શ્રધાંજલિ પાઠવી છે. પૂજ્ય મોરારીબાપુએ આ ઘટનામાં માર્યા ગયેલાઓના પરિવારજનો તરફ દિલસોજી વ્યકત કરી અને તમાન હતભાગી લોકોના પરિવારજનોને રુપિયા ૧૧,૦૦,૦૦૦ (અગીયાર લાખની) સંવેદના રાશિ અર્પણ કરી છે. ઉત્તર પ્રદેશ સરકારના સંબંધિત વિભાગ પાસેથી મૃતકોની યાદી મેળવી તેમના સ્વજનોને સહાયતા રાશિ પહોંચાડવામાં આવશે. આ સેવા લખનૌ સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા સંપૂર્ણ કરવામાં આવશે.

# ઉનામાં વિહીપ, બજરંગ દળ દ્વારા આવેદન અપાયું



ઉના,(નિરવ ગઢીયા)ઉના વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ વેપારી અગ્રણીઓ દ્વારા વિરોધ કરવામાં આવ્યો ..રાહુલ ગાંધી વિરુદ્ધ હાય હાયના નારા સાથે રેલી યોજી ઉના પ્રાંત કચેરી એ આવેદન આપવામાં આવ્યું.ઉના ટાવર ચોક ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા રાહુલ ગાંધી વિરૂદ્ધ પ્રદર્શિત થયો.ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે ઉના ટાવર ચોક થી ઉના પ્રાંત કચેરી સુધી રેલી અને રાહુલ ગાંધી વિરૂધ્ધ હાય હાય ના નારા સાથે વિરોધ પ્રદશન થયો.મોટી સંખ્યામાં વિહિપ અને બજરંગ દળ દ્વારા ઉના પ્રાંત ને આવેદન પત્ર આપવામાં આવ્યું.

# પુણેમાં કરાટે ચેમ્પિયનશીપમાં ભાગ લેતા રાજેશ ઠક્કર



અમરેલી,

ગત તા.૭ થી ૯ જુન દરમિયાન છત્રપતિ સ્પોર્ટસ કોમ્પલેક્ષ પુણે ખાતે યુનિયન ઓફ ગોજુ કરાટે ફેડરેશન ઈન્ડિયા દ્વારા કરાટે ચેમ્પિયન શીપનું આયોજન થયું હતું. જેમાં વિશ્વનાં ૫૦૦ સ્પર્ધકોએ હાજરી આપી હતી. આ ચેમ્પિયનશીપમાં રાજેશ ઠક્કર કરાટે એકેડમી મુંબઈનાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. એક મેડલ અને પ્રમાણપત્ર મેળવી ગૌરવ વધાર્યુ છે. તેમ એકેડમી દ્વારા જણાવાયું છે.

# લીલીયા મોટા ક્રેડીટ સોસાયટીના બાકીદારની મિલ્કત જપ્ત

## નાયબ ડીડીઓએ મકાન જપ્ત કરી સિલ મારી દીધુ : એડવોકેટશ્રી પાઠકની દલીલો ગ્રાહ્ય રાખી




લીલીયા,(મહેશદવે)

લીલીયા મોટા ક્રેડીટ કો.ઓપરેટીવ સો.લી. માંથી ધીરાણ મેળવી હપ્તા નહી ભરતા બાકીદાર (૧) કાળુ દુભાઈમોહનભાઈ ધંધુકીયા રહે. શ્રી વિવેકાનંદ સાસાયટીમુ.લીલીયા વાળા નો ચેક રૂા. નો ધીરાણની રકમ તથા તે પર વ્યાજ ગણી આપેલ ચેક રીટર્ન થતા લીલીયા ક્રેડીટ કો. ઓ. સો. લીના ના મેનેજીંગ ડિરેકટર શ્રી મગનભાઈ હરીભાઈ વિરાણી એ આ બાકીદાર સામે મંડળીના લીગલ એડવાઈઝર એડવોકેટ શ્રી કિશોરભાઈ પાઠક મારફત લીલીયા કોર્ટમાં ફોજદારી ફરીયાદ કેસ નં ૩૩૬/૨૦૨૩ નો દાખલ કરેલ છે અને કેસ ચાલીજતા નામદાર અદાલત કાળુભાઈ મોહનભાઈ ધંધુકીયા રહે. વિવેકાનંદ સોસાયટી મુ લીલીયા વાળા ને -દોઢવર્ષ (૧૮ માસ) ની સજા કરવામાં આવેલ અને ચેકની રકમ રૂા. ૪૫૩૬,૯૬૦-/-તથા તે પરનુ વ્યાજ સંસ્થાને વળતર ચુકવવા આદેશ કરેલ. આ હુકમ થતા કરજદારે સજા ભોગવી લીધેલ છે અને વળતર નહી ચુકવતા અને વળતર ની રકમ મળવા નામદાર અદાલત સમક્ષ દાખલ કરતા કરજદાર કાળુભાઈ મોહનભાઈ ધંધુકીયાની મિલ્કત જપ્ત કરી તે મિલકતની મકાન નીહરરાજી કરી રકમ વસુલ કરી સોસાયટીને ચુકવવી તેવો હુકમ થતા નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી અમરેલીનાઓએ કરજદારની મિલકત મકાન જપ્ત કરેલ છે. અને સીલ મારી દિધેલ છે. જેમા પાઠકની કાયદીકય દાદ અપાવવાની અરજ અને દલીલો ગ્રાહયય રહી હતી .આ બનાવથી મંળીઓના તથા જામીનદારોમા ફફડાટ વ્યાપી ગયેલ છે.

### ડો શ્યામાપ્રસાદમુખર્જીની જન્મજયંતી નિમિતે

# રાજુલામાં ભાજપ દ્વારા વિચારગોષ્ઠી યોજાઈ

## ચિરાગભાઇ જોષી, પરેશભાઇ લાડુમોર, ઘનશ્યામભાઇ મશરૂ, વનરાજભાઇ તથા સહિતની ઉપસ્થિતિ



રાજુલા,(કનુભાઈ વરૂ)ડો.શ્યામાપ્રસાદ મુખર્જી ની આગામી જન્મજયંતિ નિમિતે રાજુલા તાલુકો અને શહેર મંડલ માં કાર્યકર્તાઓ સાથે વ્યાખ્યાન અને સંગોષ્ઠિ કાર્યક્રમ મા વક્તા તરીકે અમરેલીથી શ્રી અર્જુનભાઈ દવે ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.તાલુકા પંચાયત પ્રમુખપ્રતિનિધિ નનકાદાદા ચિરાગભાઈ જોશીપરેશભાઈ લાડુમોર ઘનશ્યામભાઈ મશરૂ મનુભાઈ ધાકડા વનરાજભાઈ મહેન્દ્રભાઈ ધાકડા હરેશભાઈ ગોહિલ સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

# જુનાગઢ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિ તાલીમ યોજાઇ



જૂનાગઢ, રાજયમાં પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવા અને વધૂમાં વધૂ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ અપનાવે તે માટે રાજય સરકાર દ્વારા રાજયપાલશ્રીના માર્ગદર્શન હેઠળ ઝુંબેશના રૂપમાં કામગીરી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત તાજેતરમાં જૂનાગઢ જિલ્લાના જુદા-જુદા તાલુકા વિસ્તારોમાં પ્રાકૃતિક કૃષી અંતર્ગત ખેડૂતો સાથે ક્લસ્ટર બેઝ તાલીમનું આયોજન કરાયુ હતુ. આ ક્લસ્ટર બેઝ તાલીમ કાર્યક્રમમાં જૂનાગઢ જિલ્લાના વિવિધ તાલુકાઓમા પ્રાકૃતિક કૃષીની તાલીમો ટેકનિકલ માસ્ટર ટ્રેનરો દ્વારા આપવામાં આવી હતી. જેમાં તથા બાગાયત વિભાગના તાંત્રિક સ્ટાફ તેમજ ફાર્મર માસ્ટર ટ્રેનરો જે ખેડૂતો પ્રાકૃતિક કૃષી કરી રહ્યા છે, તેમના દ્વારા આ તાલીમો આપવામાં આવી હતી. તાલીમમાં પ્રાકૃતિક કૃષી વિશે વિસ્તૃતમાં માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. ઉપરાંત તાલુકા પંથકમાં આવેલા ખેડૂતો કેવી રીતે પ્રાકૃતિક કૃષી તરફ વળે અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક તરફ વળી ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવે તે અંગે ખેડૂતોને તાલીમ માર્ગદર્શન આપી તેની સમજણ પૂરી પાડવામાં આવી હતી.

# અમરેલી સારહિ તપોવન આશ્રમમાં ગાયત્રી યજ્ઞ યોજાયો

## શ્રી પ્રવિણભાઇ પટોળીયા પરિવારે યજ્ઞમાં આહુતિ આપી



અમરેલી,

સારહી યુથ કલબ ઓફ અમરેલી સંચાલિત 'નિરાધાર નો આધાર' સારહિ તપોવન આશ્રમ ખાતે તા. ૩૦/૦૬/૨૦૨૪ નાં રોજ સારહી પરીવાર ના સભ્ય શ્રી પ્રવિણભાઈ પટોળીયા ના સહ પરીવાર ને ગાયત્રી યજ્ઞ મા બેસવાનો લાભ મળ્યો અને યજ્ઞ વિધી કરેલ સારહી તપોવન આશ્રમ માં રહેતા તપસ્વીઓ તથા સારહી પરિવાર ના સભ્ય શ્રી ભાવેશભાઈ કાબરીયા એ પણ યજ્ઞ મા આહુતિ આપી.(ગાયત્રી શક્તિ પીઠ અમરેલી માંથી ગીતાબેન બાવીશી તથા શોભનાબેન ગઢીયા એ ગાયત્રી યજ્ઞ કરાવ્યો) સારહી યુથ કલબ ઓફ અમરેલી પ્રમુખ શ્રી મુકેશભાઈ સંઘાણી તથા સારહી પરિવાર હૃદય પૂર્વક આભાર માનવામાં આવેલ.

# કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજી ઉપયોગ યોજના માટે અરજી કરવી

## ખેડૂતો પાસે આઈ-ખેડૂત પોર્ટલ પર અરજીઓ મંગાવાઇ

અમરેલી , કૃષિ ક્ષેત્રમાં અદ્યતન ડ્રોન ટેક્નોલોજી (કૃષિ વિમાન) નો ઉપયોગ યોજના અમલી છે. ડ્રોનથી છંટકાવ ઘટક હેઠળ જિલ્લાના ખેડૂતોએ આઈ-ખેડૂત પોર્ટલ www.ikhe dut.gujarat .gov.in પર ઓનલાઈન અરજી કરવી. રાજ્યના ખેડૂતોને ડ્રોન પાક સંરક્ષણ, રસાયણ, નેનો યુરિયા, એફ.સી.ઓ માન્ય પ્રવાહી ખાતર, જૈવિક ખાતર છંટકાવનો લાભ મળી રહે તે હેતુથી રાજય સરકાર દ્વારા આ યોજના અમલી છે. જિલ્લાના ખેડૂતોએ આ ઘટકમાં સહાય મેળવવા માટે અરજી કર્યા બાદ તે અરજીની નકલ પોતાની પાસે રાખવી. પૂર્વ મંજૂરી મળ્યેથી અરજીની નકલ સાથે જરુરી સાધનિક દસ્તાવેજ કચેરીને મોકલવા. વધુ જાણકારી અર્થે સંબંધિત તાલુકાના કે ગામના વિસ્તરણ અધિકારીશ્રી (ખેતી) અથવા ગ્રામસેવકનો સંપર્ક કરવો, તેમ અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.

# ધારીમાં વેશભુષા સ્પર્ધા યોજાઇ

## મનમંદિર શૈક્ષણિક સંકુલ ધારી દ્વારા આયોજન



ધારી,(ઉદય ચોલેરા)

તારીખ ૨૬/૦૬/૨૦૨૪ ને બુધવારના રોજ શાળામાં વેશભૂષા સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ ની શરૂઆત દીપ પ્રાગટ્યથી કરવામાં આવી દીપ પ્રાગટ્ય નિવૃત્ત શિક્ષક શ્રી માલવિયા સાહેબ હસ્તે કરવામાં આવ્યું જેમાં બાલમંદિર લઈ ધોરણ ૧૦ સુધીના બાળકોએ ઉત્સાહ ભેર અલગ અલગ ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરતા પાત્રો ના પહેરવેશ પહેર્યા હતા જેમકે રામ લક્ષ્મણ હનુમાનજી સીતાજી સિંહ પરી પોલીસ માતાજી રાધાકૃષ્ણ ગોવાળિયા જોકર બારવટીયા શ્રવણ શબરી શિવ રાણીલક્ષ્મી બાઈ વગેરે આહલાદક પાત્રો એ સ્કૂલનું વાતાવરણ મસ્ત બનાવ્યું હતુ જાણે સાક્ષાત દેવી-દેવતાઓના શાળાની અંદર આવ્યા હોય તેવું વાતાવરણ ઊભું થયું હતું. કાર્યક્રમનું સંચાલન શાળાના સ્ટાફ મેમ્બર ભોલરા જલ્પાબેન,વરુ સોનલબેન ,ચૌહાણ રામઅવતાર સાહેબે કર્યુંહતું. કાર્યક્રમને સફળ બનાવવા સંસ્થાના પ્રિન્સિપાલશ્રી વ્યાસ પ્રિયંકાબેન તથા સ્ટાફની મહેનત રંગ લાવી હતી તેવું સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી ભરતભાઈ વાળાની યાદીમાં જણાવેલ.

# ઓખા વેરાવળ - વેરાવળ ઓખા ટ્રેનો ૮ જુલાઈ સુધી ડાયવર્ટ કરાઇ

ભાવનગર,ટેકનિકલ કારણોસર, ઓખા-વેરાવળ અને વેરાવળ-ઓખા એક્સપ્રેસ ટ્રેનો તાત્કાલિક અસર થી ૮ જુલાઈ, ૨૦૨૪ સુધી ડાઈવર્ટ કરાયેલા રૂટ પર રિશેડયુલ કરાયેલ સમય પર દોડશે.૧. ટ્રેન નંબર ૧૯૨૫૨ ઓખા-વેરાવળ એકસપ્રેસ તાત્કાલિક અસર થી ૦૮.૦૭.૨૦૨૪ સુધી ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા કાનાલુસ-વાંસજાળીયા-જેતલસર-વેરાવળ થઈ ને દોડશે. આ સમયગાળા દરમિયાન, આ ટ્રેન ઓખા થી તેના નિર્ધારિત સમય કરતાં ૫ કલાક ૪૫ મિનિટ મોડી એટલે કે ૦૨.૦૦ વાગ્યે ઉપડશે. ૨. ટ્રેન નંબર ૧૯૨૫૧ વેરાવળ-ઓખા એક્સપ્રેસ તાત્કાલિક અસર થી ૦૮.૦૭.૨૦૨૪ સુધી ડાયવર્ટ કરાયેલા રૂટ વાયા જેતલસર-વાંસજાલિયા-કાનાલુસ થઈને દોડશે. આ સમયગાળા દરમિયાન, આ ટ્રેન વેરાવળ થી તેના નિર્ધારિત સમય કરતાં ૩ કલાક ૫૫ મિનિટ મોડી એટલે કે ૦૩.૦૦ વાગ્યે ઉપડશે.રેલવે તંત્ર મુસાફરોને વિનંતી કરે છે કે તેઓ ઉપરોક્ત ફેરફારોને ધ્યાનમાં રાખીને તેમની મુસાફરી શરૂ કરે અને ટ્રેન ના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે www. enquiry. indianrail.gov.in ની મુલાકાત લે જેથી કરીને કોઈ અસુવિધા ન થાય.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# અબડાસાના અરજણપરમાં બાજરીની પ્રાકૃતિક ખેતી

## જુવાર, રજકો સહિત પ્રાકૃતિક ખેતીથી ઉગાડી નવો રાહ ચિંધ્યો



ભુજ,

વર્ષ ૨૦૧૯થી પ્રાકૃતિક ખેતી સાથે સંકળાયેલા સરહદી અબડાસા તાલુકાના અરજણપરના ગ્રેજયુએટ થયેલા અમિત ચંદુલાલ વાસાણી રાસાયણિક ખેતીથી પ્રાકૃતિક ખેતી તરફ વળ્યા છે. ત્યારે તેઓ ન માત્ર મનુષ્ય પરંતુ પશુઓ માટે પણ એટલા જ ચિંતિત છે. બાજરાની ખેતી સાથે તેઓ ઘઉં તથા ઘાસચારામાં જુવાર, રંજકો પણ પ્રાકૃતિક કૃષિથી ઉગાડી રહ્યા છે.અમિતભાઈ જણાવે છે કે, સોશિયલ મીડિયા તેમજ યુ-ટયુબના માધ્યમથી તથા મારા કાકા પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ પ્રાકૃતિક ખેતી વિશે ઊંડાણપૂર્વક સમજ મેળવી ૨૦૧૯થી પ્રાકૃતિક ખેતીની શરૂઆત કરી. પ્રાકૃતિક ખેતીમાં જીવામૃત, બીજામૃત વગેરેનો ઉપયોગ કરુ છું. રાસાયણિક ખેતીના અનુભવ વિશે તેઓ જણાવે છે કે, તેમાં ખર્ચ વધુ હતો, જમીન સાવ બંજર થઈ ગઈ હતી તથા સામે કંઈ વળતર જોઈએ એટલું મળતું ના હતું. રાસાયણિક અને ખાતરનો ખર્ચો વધી જાય છે. તેમજ નિંદણ પણ વધારે ઊગી નીકળે છે, મજુરી ખર્ચ વધુ થાય છે, જમીનનું બંધારણ બગડે છે. પાકની ગુણવત્તા સારી નથી હોતી તથા પાણીની ગુણવત્તા બગડે છે. જમીનમાં ક્ષારનું પ્રમાણ વધે છે તથા રાસાયણિક ખેતીમાં પાકને બધુ પિયતની જરૂર પડે છે. પ્રાકૃતિક ખેતીમાં હું રંજકો, ઘઉં, જુવાર, ઘાસચારા જેવા પાકો લઉં છું.પ્રાકૃતિક ખેતીમાં ખર્ચ નહિવત હોવાને કારણે સારો એવો નફો થાય છે. જમીન પણ ફળદ્રુપ બની છે.ગુણવત્તાયુક્ત ઉત્પાદન સાથે પાણીની ગુણવત્તા સુધરી છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢમાં ડ્રોન, મિસાઇલ, પેરાગ્લાઇડર ચલાવવા સામે મનાઇ હુકમ

## અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ જુનાગઢ દ્વારા જાહેરનામુ બહાર પડયું

જૂનાગઢ ,

જૂનાગઢ જિલ્લાના ૧૨૦ ક્રિટીકલ/સ્ટ્રેટઝીકલ ઈન્સ્ટોલેશન સ્થળો ખાતે ઉપલી સત્તા તરફથી અન્ય કોઈ ફેરફાર ન થાય ત્યાં સુધી આ સ્થળો તથા તેની આજુબાજુના યાદીમાં જણાવ્યાનુસારના વિસ્તારમાં રિમોટથી ચાલાવાતા કે રીમોટથી કંટ્રોલ કરાતા એરીયલ મીસાઈલ કે પેરાગ્લાઈડ રીમોટ કંટ્રોલ, માઈક્રો લાઈટ એર ક્રાફટ ચલાવવાની મનાઈ ફરમાવવામાં આવી છે. ત્યારે જૂનાગઢ અધિક જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી એન.એફ.ચૌધરીને મળેલી સત્તાની રૂએ રેડ ઝોનમાં રીમોટથી ચાલતા એરક્રાફટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડી શકાશે નહિ, તથા યલો ઝોનમાં એરક્રાફ્ટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડવા માટે ડીઝીસ્કાય ઉપરથી મંજુરી મળી શકશે. તે માટે ડીઝીસ્કાય એપ ઉપર અરજી કરવાની રહેશે અને ગ્રીન ઝોનમાં ડીઝીસ્કાય ઉપરથી મંજુરીની રાહ જોયા સિવાય ગ્રીન ઝોનમાં રીમોટથી ચાલતા એરક્રાફ્ટ સીસ્ટમ કે ડ્રોન ઉડાડી શકાશે. (રેડ તથા યલો ઝોન સિવાયના વિસ્તારો ગ્રીન ઝોન ગણાશે.) આ હુકમ તાત્કાલિક અસરથી ૨૭/૦૮/૨૦૨૪ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

## ગીરસોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીર સોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

# ગીર સોમનાથ જિલ્લામાં વિવિધ જગ્યાઓએ શિબિર દ્વારા મહિલાઓને કાયદાકિય સમજણ અપાઇ

ગીર સોમનાથ,

ગીર સોમનાથ જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી તેમજ દહેજ પ્રતિબંધક અધિકારીના માર્ગદર્શન મુજબ સંકલ્પ ડિસ્ટ્રિક્ટ હબ ફોર એમ્પાવરમેન્ટ ઓફ વુમન ગીર સોમનાથની દ્વારા મિશન શક્તિ યોજના હેઠળ ૧૦૦ દિવસની વિશેષ જાગૃતિ કમ એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ અંતર્ગત મહિલાઓમાં કાયદાઓ અને યોજનાઓની જાગૃતતા કેળવાય તે માટે સુત્રાપાડાના તાલુકાના GSCL ફાઉન્ડેશનમાં નર્સિંગના વિદ્યાર્થીનીઓ સાથે તેમજ ખારવા સમાજ વેરાવળ ખાતે આંગણવાળી વર્કર સહિત રામ મંદિર ઓડીટરિયમ હોલ ખાતે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બેટી બચાવો, બેટી પઢાઓ સપ્તાહમાં એન્ડ પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેક્નિક એક્ટ, ૧૯૯૪ કાયદા વિશે જાગૃતતા આવે અને સ્ત્રી ભ્રુણ હત્યાં જેવા દુષણો અટકાવવા માટે આશાવર્કરો સાથે પ્રી-કન્સેપ્શન એન્ડ પ્રિ-નેટલ ડાયગ્નોસ્ટિક ટેક્નિક એક્ટ, ૧૯૯૪ કાયદા અંતર્ગત કાયદા પ્રત્યે જાગૃત કરવામાં આવી હતી. જાતિપસંદગી (ભ અર્નેશઘ્) અધિનિયમ ૧૯૯૪ના કાયદા વિશે તાલુકા હેલ્થ ઓફિસરે શોર્ટ પ્રેઝન્ટેશનથી આપવામાં આવી હતી. સખી વન સ્ટોપ સેંટર કાઉન્સીલર તેમજ ગરીનાં ડિસ્ટ્રિક્ટ મિશન કોડીનેટર, જેન્ડર સ્પેશિયાલિસ્ટ ઉપસ્થિત રહ્યા હતાં. જેમાં ૬૦૦ કરતા પણ વધારે બહેનોને માહિતીનો લાભ મેળવ્યો હતો તેમજ મહિલાઓને યોજનાકીય સાહિત્યનું વિતરણ કરવામાં આવ્યું હતુ.

**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦




सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઈમ્સ
પાના નં ૬
તા.૦૫-૦૭-૨૦૨૪ શુક્રવાર







### મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલનો કર્મયોગી હિતકારી નિર્ણય

# રાજયના કર્મચારીઓને મોંઘવારીમાં ૪ ટકા વધારો અપાશે

**રાજ્ય સરકારના કર્મચારીઓને મોંઘવારી ભથ્થાનો જાન્યુઆરી ૨૦૨૪થી આપવાનો મહત્વનો નિર્ણય કરાયો : તફાવતની રકમ ત્રણ હપ્તામાં ચુકવાશે**

**મોંઘવારી ભથ્થામાં વધારાની છ માસની તફાવતની રકમ એરિયર્સ અપાશે મોંઘવારી અને એરિયર્સ ચુકવવાના નિર્ણયથી કર્મચારીઓમાં ખુશી વ્યાપી**

**સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્યસેવાના અને પંચાયત સેવા તથા અન્ય મળી ૪.૭૧ લાખ કર્મચારીઓ અને ૪.૭૩ લાખ પેન્શનર્સને મળશે લાભ**



અમરેલી,મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્ય સરકારના કર્મચારીઓના વ્યાપક હિતમાં એક મહત્વપૂર્ણ નિર્ણય કરીને સાતમા પગાર પંચનો લાભ મેળવતા રાજ્ય સરકારના કર્મચારીઓને કેન્દ્રના ધોરણે મોંઘવારી ભથ્થામાં ૪ ટકા વધારાનો લાભ તા. ૧ જાન્યુઆરી ૨૦૨૪થી આપવાની જાહેરાત કરી છે.આ મોંઘવારી ભથ્થાના વધારાનો લાભ રાજ્ય સરકારના, પંચાયત સેવાના તથા અન્ય એમ કુલ ૪.૭૧ લાખ કર્મયોગીઓ અને અંદાજે ૪.૭૩ લાખ જેટલા નિવૃત્ત કર્મચારીઓ એટલે કે પેન્શનર્સને મળવાપાત્ર થશે.મોંઘવારી ભથ્થાની ૬ માસની એટલે કે ૧ જાન્યુઆરી ૨૦૨૪ થી ૩૦ જૂન ૨૦૨૪ સુધીની તફાવતની રકમ ત્રણ હપ્તામાં પગાર સાથે ચૂકવવામાં આવશે.તદઅનુસાર, જાન્યુઆરી-૨૦૨૪ તથા ફેબ્રુઆરી-૨૦૨૪ મહિનાની તફાવતની રકમ જુલાઈ-૨૦૨૪ના પગાર સાથે, માર્ચ અને એપ્રિલ-૨૦૨૪ની તફાવતની રકમ ઓગષ્ટ-૨૦૨૪ના પગાર સાથે તેમજ મે અને જૂન-૨૦૨૪ના મોંઘવારી ભથ્થાની એરિયર્સની રકમ સપ્ટેમ્બર-૨૦૨૪ના પગાર સાથે કર્મયોગીઓને ચુકવવામાં આવશે.રાજ્ય સરકાર આ એરિયર્સ પેટે કુલ મળીને ૧૧૨૯.૫૧ કરોડ રૂપિયાની કર્મચારીઓને ચુકવણી કરશે.મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના આ કર્મચારી હિતકારી નિર્ણયના અમલ માટે નાણાં વિભાગ દ્વારા જરૂરી આદેશો કરવા અંગેની પણ સૂચનાઓ આપવામાં આવી છે.

### આવવરૂ ઓરડીમાં અડીંગો જમાવેલો

## ચલાલામાં બે દિવસથી ઇંટોના ભઠ્ઠામાં છુપાયેલા દિપડાને રેસ્કયુ કરી પાંજરે પુર્યો

**વાઇલ્ડ લાઇફ વોર્ડન શ્રી મહાવીરબાપુએ ડીસીએફને જાણ કરતાં ટીમ આવી અને દિલ ધડક રેસ્કયુ હાથ ધર્યુ**



અમરેલી,અમરેલી જિલ્લા નાં ધારી તાલુકાના ચલાલા મુકામે છેલ્લા બે દિવસથી દિપડો આવી ચડ્યો હતો અને અચાનક જ એક ઈંટો નાં ભઠ્ઠીવાડામાં અવાવરૂ ઓરડીમાં છુપાયાંની જાણ જીલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડન મહાવીરબાપુ ભગત ને તથા ફોરેસ્ટ વિભાગ ને થતાં તુરંત પુરી સંતકૅક્તા દાખવી જીલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડન મહાવીરબાપુ ભગત ડી.સી.એફ રાજદીપસીંહ ઝાલા એ.સી.એફ ત્રીવેદી તથા આર.એફ.ઓ જયોતિબેન વાઝા તથા તથા પી.એસ આઈ તથા પોલીસ સ્ટાફ સહિત ફોરેસ્ટ વિભાગ નો ચુનંદો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ઓરડીમાં છુપાયેલા દિપડાનું દિલધડક રીતે રેસક્યુ પાજરે પુરતાં મોટી જાનહાનિ ટળતા ચલાલા વાસીઓ એ રાહતનો શ્વાસ લીધો હતો અને આ તકે ચલાલા નાં નગરજનો એ જીલ્લા વાઈલ્ડ લાઈફ વોર્ડન મહાવીરબાપુ ભગત તથા ફોરેસ્ટ વિભાગની સમય સુચક્તા અને સાહસ ને બિરદાવી આભાર વ્યક્ત કર્યો હતો.

## બગસરાની તાલુકા શાળામાં પ્રવેશોત્સવ યોજાયો



બગસરા,(સમીર વીરાણી)બગસરા ના શહેર વિસ્તારમાં આવેલ તાલુકા શાળામાં ગુજરાત સરકારશ્રી ના શિક્ષણ તથા જિલ્લા શિક્ષણ કચેરીના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૨૪-૨૫નો શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ કાર્યક્રમ બગસરા તાલુકા મામલતદાર સુશ્રી આર. જી. ઝાલા ના અધ્યક્ષસ્થાને દબદબાભેર ઉજવાયો.આ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખશ્રી ધીરુભાઈ કોટડીયા, મનોજભાઈ મહિડા, શહેર ભાજપ મહામંત્રીશ્રી અશોકભાઈ પંડ્યા, પત્રકાર સમીરભાઈ વિરાણી શાળા વ્યવસ્થાપન સમિતિ ના અધ્યક્ષ ગોપાલભાઈ પ્રો. સભ્ય ગીતાબેન હડીયલ લાઈઝન રસિકભાઈ વગેરે ઉપસ્થિત રહી આંગણવાડી, બાલવાટિકા તથા ધો.૧ના બાળકોને પ્રવેશ આપી પ્રોત્સાહિત કરાયા. વર્ષ દરમિયાન પરીક્ષાઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનાર વિદ્યાર્થીઓ ને સન્માનિત કરાયા. ગ્રીન લાઈફ શરાફી સહકારી મંડળી લી. બગસરા દ્વારા પ્રવેશ પામતા બાળકોને દફ્તર અપાય તેમજ સ્વ. ચંદ્રકાંત મોહનભાઈ રંગાડીયા હ. અમિત ચંદ્રકાંત દ્વારા શાળાના વિદ્યાર્થીઓને તિથિ ભોજન અપાયું તથા મહાનુભાવો દ્વારા દાતાઓને બિરદાવ્યા હતા. મહેમાનો દ્વારા વૃક્ષારોપણ કરાયું તેમજ નૂતન પ્રજ્ઞા વર્ગ સાહિત્ય તેમજ નિપુણ ભારત મિશન અંતર્ગત અપાયેલ નવિન સાહિત્યના સ્ટોલની મુલાકાત લઈ પ્રોત્સાહિત કરાયેલ.આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન શાળાના બાળકો દ્વારા કરાયેલ. અને તમામ વ્યવસ્થા શાળાના આચાર્ય દિવ્યેશભાઈ દુધરેજીયા તમામ શાળા પરિવાર દ્વારા જહેમત ઉઠાવાયેલ.

### ભાજપ આગેવાનોની ઉપસ્થિતિમાં

## બગસરા કુમાર છાત્રાલયમાં વૃક્ષારોપણ કરાયું

**લોકભારતી સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત છાત્રાલયનું આયોજન**



બગસરા,(રૂપેશ રૂપારેલિયા) આજરોજ લોકભારતી સેવા સમાજ ટ્રસ્ટ સંચાલિત કુમાર છાત્રાલયમાં બગસરામાં ભારતીય જનતા પાર્ટીના શહેર પ્રમુખ ધીરુભાઈ કોટડીયા મહામંત્રી અશોકભાઈ પંડ્યા જિલ્લાના મંત્રી મનોજભાઈ મહિડા તેમજ મેઘાણી હાઈસ્કૂલ બગસરાના આચાર્ય શ્રી જેઠવા તેમજ સાહિત્ય ક્ષેત્રે ખ્યાતિ પામેલા એવોર્ડ વિજેતા શ્રી સ્નેહી પરમાર તેમજ ટ્રસ્ટી મુળજીભાઈ મહિલા દ્વારા વૃક્ષોનું રોપણ કરવામાં આવેલ છે આચાર્યશ્રી જેઠવા સાહેબે બાળકોને માર્ગદર્શન આપી જીવનમાં આગળ વધવા શીખ આપેલ તેમ જ એડવોકેટ કોટડીયા સાહેબે બાળકોને મેઘાણી હાઈસ્કુલમાં વિદ્વાન શિક્ષકો હોય જેમનો લાભ લઈ ભણવાની સલાહ આપી તેમજ સ્નેહી પરમાર મનોજભાઈ મહિડા એ બાળકોને જીવનમાં તકલીફ તો આવતી હોય છે તેનો સામનો કરી અભ્યાસ કરવા શીખ આપે તેમ જ અમારા જેવું કામ જણાવવા બાળકોને જણાવ્યું બધા આગેવાનો હોસ્ટેલનું નિરીક્ષણ કરી બાળકોને મળી સુંદર મજાનું બગીચાનું જતન કરેલ છે તે જોઈને આનંદિત થયા. ટ્રસ્ટી મૂળજીભાઈ મહિડા એ સર્વે આગેવાનોની મુલાકાત બદલ આભાર વ્યક્ત કરેલ છે હોસ્ટેલમાં આ સુંદર મજાનું આયોજન ગૃહપતિ રોહિતભાઈ સરવૈયા એ કરેલું હતું.

## અમરેલીમાં ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની સાદી કેદની સજા ફટકારી

**હુકમની અમલવારી માટે આરોપી હાજર ન હોય તેમના વિરૂઘ્ધ બિનજામીન પાત્ર વોરંટ ઇશ્યુ કરવા હુકમ કરાયો**



અમરેલી, અમરેલીનાં નાના આંકડીયા ગામનાં હાલ ગોકુળ ગાર્ડન સોસાયટી જલારામ નગરની બાજુમાં રહેતા મુકેશભાઈ જીવાભાઈ વાગડીયાએ બક્ષીપુર તા.જી.અમરેલીનાં દિપકભાઈ ગોરધનભાઈ ડાભી હિરાઉદ્યોગનાં વ્યવસાયમાં હોય અને ધંધો ભાગીદારીમાં કરૂશું આવી રીતે જુદા જુદા રોકાણ માટે કુલ રૂા.૭,૩૫,૦૦૦ આરોપી પર વિશ્વા મુકી જુદી જુદી રીતે ફરિયાદીએ વિશ્વાસ મુકી રોકાણ કરેલ પરંતુ ધંધામાં સફળતા ન મળતા હીરાનાં કારખાનામાં ફરિયાદીએ ભાગીદારી છુટ્ટી કરવા રોકાણની રકમ આપવા અનેક વખત રજુઆત કરેલ. એક્સીસ બેન્કનાં જુદી જુદી રકમનાં ચેક આપેલ જે આરોપીનાં ખાતામાં અપુરતા ફંડને કારણે ચેક રિટર્ન થતા ફોજદારી કેસ ત્રીજા એ.ડી.ચિફ.જયુ.મેજી. કે.એમ.વ્યાસ સમક્ષ કેસ ચાલી જતા ફરિયાદીનાં એડવોકેટ ધર્મેશભાઈ એચ.પંડ્યાની ધારદાર દલીલો ધ્યાને રાખી આરોપીને એક વર્ષની સાદી કેદની સજા અને મુળ સજા અને તા.૩૦-૮-૨૦૨૨નાં આપેલ ચેકની રકમ રૂા.૫૫,૦૦૦ ચુકવવા હુકમ કરેલ છે. આરોપી સજા હુકમની અમલવારી માટે હાજર ન હોય તેમના વિરૂઘ્ધ બિનજામીનપાત્ર વોરંટ ઈશ્યુ કરવા કોર્ટે જણાવેલ છે.

## અમરેલીના વોર્ડ નં-૪માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો

**ભકિતનગર ખાતે નાયબ દંડક કૌશિકભાઇ વેકરીયા, બિપીનભાઇ લીંબાણી સહિતની ઉપસ્થિતિ**



અમરેલી,

અમરેલી નગરપાલિકાના વોર્ડ નં.૪માં આવેલ ભકિતનગરમાં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા, પાલિકા પ્રમુખ બિપીનભાઈ લીંબાણી, નરેશભાઈ મહેતા, મનિષભાઈ ધોરાજીયા, ચિરાગભાઈ ચાવડા, મજબુતભાઈ બસીયા, પિન્ટુભાઈ તથા કાળુભાઈ અને ધીરૂભાઈ વાળા, દિપકભાઈ બાંભરોલીયા, હરેશભાઈ ચાવડા, ચિરાગભાઈ ત્રિવેદી સહિત આગેવાનો ઉપસ્થિતિ રહ્યા હતાં.

ભકિતનગરના રહીશો નિતિનભાઈ આચાર્ય, રાજુભાઈ ટાંક, મનુભાઈ ચંડેરા, રમેશભાઈ કારેલીયા, સંજયભાઈ આહિર, મુન્નાભાઈ આહિર, નિલેષભાઈ જાની, મનિષભાઈ સુકલ, યજ્ઞેશભાઈ કારેલીયા, દિપકભાઈ આહિર, મુકેશભાઈ કાલાવાડીયા, સુનિલભાઈ મકવાણા અને જીજ્ઞેશભાઈએ આભારની લાગણી વ્યકત કરી હતી.

## અમરેલી બહેરાં - મૂંગા શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

**બાળકોને વાજતે ગાજતે પ્રવેશ આપી શૈક્ષણિક કિટ વિતરણ કરી**



અમરેલી,અમરેલી જિલ્લાના શ્રવણમંદ દિવ્યંગોની એકમાત્ર શાળા ' શ્રીમતી તાપીબેન મોહનલાલ રૂગનાથ મહેતા બહેરા મૂંગા શાળામાં જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી રવિ ખેર ના ઉપસ્થિતિ માં નવા ભૂલકાઓનો પ્રવેશ કુમકુમ તિલક કરી, મોં મીઠું કરાવી ઉજવવામાં આવ્યો. નવા પ્રવેશ પામેલા બાળકોને શૈક્ષણિક કીટ અર્પણ દ્વારા આવકારવામાં આવેલ. આ ઉપરાંત આ પ્રવેશોત્સવને વિશેષ સ્મૃતિમય બનાવતા જિલ્લા ખાણ ખનિજ અધિકારી શ્રી ભાવેશભાઈ સાધુ સહપરિવાર ઉપસ્થિત રહેલ. આજના દિવસને ઉત્સવમય બનાવતા શ્રી સાધુએ સંસ્થાના તમામ બાળકોને શૈક્ષણિક કીટ પોતાના તરફથી સપ્રેમ અર્પણ કરેલ.

## બગસરા પોલીસ સ્ટેશનમા બેઠક યોજાઇ

**અમરેલીના ડીવાયએસપીશ્રી દેસાઇ સહિત અધિકારીઓની ઉપસ્થિતિ**



બગસરા,(રૂપેશ રૂપારેલિયા) અમરેલી જિલ્લાના એસ.પી.શ્રીહીમકરની અધ્યક્ષતામા ચાલી રહેલ વ્યાજખોરીનું દુષણ જડમૂળ માથી નાબૂદ કરવા અભિયાન ચાલી રહ્યુ છે ત્યારે બગસરામાં પોલીસ સ્ટેશનખાતે વ્યાજખોરીને નાબૂદ કરવા અમરેલી ડી.વાય.એસ.પી.શ્રી દેસાઈના અધ્યક્ષતામાં મિટિંગ મળી હતી જેમાં બગસરાની જાહેર સંસ્થા તેમજ સરારી સહકારી આગેવાનો લોકો હાજર રહ્યા હતા.

## બગસરા જેસીઝ ગ્રુપ દ્વારા નેત્રનિદાન કેમ્પ યોજાશે

**રણછોડદાસ બાપુ હોસ્પિટલના સહયોગથી આયોજન**

બગસરા ,(રૂપેશ રૂપારેલિયા) જેસિઝગ્રુપ બગસરા સંચાલિત શા. માણેકચંદ મુલચંદ સા. ટ્રસ્ટ આંખની હોસ્પિટલ ખાતે તા. ૧૨-૭-૨૦૨૪ને શુક્રવારના રોજ સ્વ.ડો.પ્રકાશભાઈ રમણીકભાઈ ત્રિવેદી, સ્વ.રંજનબેન પ્રકાશભાઈ, સ્વ.જગદીશભાઈ રમણીક ભાઈ, સ્વ.પ્રફુલાબેન રાજુભાઈના સ્મરણાર્થે રાજેષભાઈ રમણીકભાઈ ત્રિવેદી પરિવારના સૌજન્યથી ૫૯૯ મો વિનામુલ્યે નેત્રનિદાન કેમ્પ શ્રીરણછોડ દાસજી બાપુ ચેરિટેબલ ટ્રસ્ટ રાજકોટના સહકારથી રાખવામા આવેલ છે. આ કેમ્પમા મોતિયાના ઓપરેશનની જરૂરીયાતવાળા દર્દીઓને વિનામુલ્યે પરેશન કરી નેત્રમણી બેસાડી દેવામા આવશે. પરેશન માટે જનાર તમામ દર્દીઓની જમવાની વ્યવસ્થા કાયમી દાતા બગસરાના વતની સુરેશભાઈ રાયઠઠ્ઠા પરિવાર મુંબઈના સહયોગથી કરવામા આવશે.કેમ્પમા ભાગ લેવા ઈચ્છતા દર્દીઓએ પોતાના આધારકાર્ડની નકલ સાથે રાખી કેમ્પના દિવસે તા.૧૨-૭-૨૪ને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે હાજર રહેવા પ્રમુખ પ્રકાશભાઈ રાણીગાની યાદીમા જણાવેલ છે.

## અવસાન નોંધ

સાવરકુંડલા,

કુસુમબેન ચંદુભાઈ રાજપુર (ઉ.વ:૭૬) તે પરેશભાઈ ચંદુભાઈ રાજપુરા અને નિમેશભાઈ ચંદુભાઈ રાજપુરા ના માતૃ શ્રી નું તા:૩/૭/૨૦૨૪ ને બુધવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે સદગતની પ્રાર્થના સભા તા:૫/૭/૨૦૨૪ ને શુક્રવાર ના રોજ સાંજે ૪:૦૦ થી ૬:૦૦ પરજીયા સોની જ્ઞાતિ વાડી મણીભાઈ ચોક સાવરકુંડલા ખાતે રાખેલ છે.

વડિયા,

વડીયાના અરજણસુખના વનરાજસિંહ હકુભા ચૌહાણ ઉ.વ.૪૫ તે અભયસિંહ તથા જિલુભા તથા જનકસિંહ ચૌહાણના ભાઈ તથા મનોહરસિંહ પરમાર રાજુલાના શાળાનું અવસાન થયું છે. બેસણું પાણી ઢોળ અરજણસુખ ગામે રાખેલ છે.

# સિંચાઇ અધિક્ષક શ્રી ચાવડાનું નિવૃતિ સન્માન કરાયું



અમરેલી, શ્રી સી.એ.ચાવડા ખૂબ જ પ્રમાણીક અને લોકપ્રિય અધિકારી તરીકે ફરજબજાવી છે.નાનામાંનાના માણસોના કોઈ પણ પ્રકારની ભલામણ વગર ઈમાનદારી થી કામો કરવા માટે ખૂબ જ જાણીતા છે.તા.૩૦/૬/૨૦૨૪ ના રોજ વય નિવૃત થતા સી.એ.ચાવડા અધિક્ષક ઈજનેર શ્રી, ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ ભાવનગર ની તા.૧/૭/૨૦૨૪ ના રોજ ભાવનગર ની ઘી ગુડ હોટેલ ખાતેથી વિદાય સમારંભ યોજાયો હતો.હાલના અધિક્ષક ઈજનેર શ્રી એસ.જે. ગુપ્તા, ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ ભાવનગર દ્વારા શ્રી સી.એ.ચાવડા ને સન્માન કરીને વિદાય પાર્ટી આપી હતી.આ પ્રસંગે ભાવનગર સિંચાઈ યોજના વર્તુળ ભાવનગર હેઠળની અમરેલી, બોટાદ અને ભાવનગર ની વિભાગીય કચેરી ના ૪ કાર્યપાલક ઈજનેર શ્રી વાંઝા , સુવર તથા શ્રી સરવૈયા તથા બાલધીયા અને ૩ જિલ્લા નો સિંચાઈ વિભાગ ના સ્ટાફ ઉપસ્થિત રહીને ભાવભર્યું વિદાય સમારંભ યોજાયો હતો.

## ભારતીય સંસ્કૃતિને ઉજાગર કરનાર અને યુવાનોનાં આદર્શ એવા

# સ્વામિવિવેકાનંદજીનાં તૈલચિત્રને અમરેલી ગજેરા કેમ્પસમાં પુષ્પાંજલી

## સંસ્થાનાં ડાયરેક્ટર શ્રી વસંતભાઇ પેથાણી અને સ્ટાફ, વિદ્યાર્થીઓએ શ્રી વિવેકાનંદજીને વંદન કર્યા

અમરેલી,

ભારતની સંસ્કૃતિને વિશ્વભરમાં ઉજાગર કરનાર અને દેશના યુવાઓના આદર્શ અને મહાન વ્યક્તિત્વની ૧૨૨મી પુણ્યતિથિ શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે સંસ્થાના ડાયરેક્ટર શ્રી વસંતભાઈ પેથાણી સ્ટાફગણ અને વિદ્યાર્થીઓ દ્વારા સ્વામી વિવેકાનંદજીને પુષ્પ અને સુતરની આંટી પહેરાવીને સત્ત સત્ત વંદન કરવામાં આવ્યા. તેમજ તમામ વિદ્યાર્થીઓને સ્વામી વિવેકાનંદજીના જીવનમાંથી સાદગી, પરિગ્રહ, ઉચ્ચ જીવન, યુવા-ઉત્સાહ વગેરે જેવા નૈતિક મૂલ્યો વિદ્યાર્થીઓના જીવનમાં કેળવાય અને તેઓનો સર્વાંગી વિકાસ થાય તે અંગે વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા માર્ગદર્શિત કરવામાં આવ્યા. તેમજ શાળાના વિદ્યાર્થીઓએ વર્ગખંડમાં સ્વામી વિવેકાનંદ જીવનના વિચારો વ્યક્ત કર્યા અને ઉઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો ઉમદા વિચાર વિદ્યાર્થીઓમાં કેળવાય તે અંગે વિદ્યાર્થીઓએ ચરિતાર્થ કર્યો હતો.



## સુરતમાં કરોડોનાં હીરાની ચોરીનાં કેસમાં એક આરોપી ઝડપાયો

સુરત,

સુરતના પોલીસ વિભાગને એક મોટી સફળતા મળી છે જેમાં મહિધરપુરામાં કરોડો રૂપિયાના હીરાની ચોરીના કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. સુરત પોલીસે આરોપી દલપતભાઈ રામજીભાઈ પુરોહિતને પોલીસે રાજસ્થાનમાંથી ઝડપી પડ્યો છે. આરોપી પાસેથી પોલીસે રૂ. ૪ કરોડ અને ૫૫ લાખની કિંમતનો હીરો પણ જપ્ત કરી લીધો છે. જો કે, આ કેસમાં મુખ્ય આરોપી સહિત ૪ લોકો હાલ પણ ફરાર છે. દલપત પુરોહિતને હીરો સગેવગે કરવા માટે આપવામાં આવ્યો હતો.




... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
સૌનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫




**પ્રોપર્ટી લેવાવાળા લે છે અને વેચવાવાળા વેચે છે**
મકાન હોય કે દુકાન, પ્લોટ કે ફલેટ... કારખાનુ કે ખેતીની જમીન
અમરેલીથી ચિતલ જતા શેડુભાર પછી નેશનલ હાઇવે ઉપર ૨૪૦૦ વારનો ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ માત્ર રૂા.૧૫૦૦ વારના ભાવથી
ગાવડકા રોડ ઉપર ઇન્ડસ્ટ્રીયલ ખુલ્લો પ્લોટ અને બાંધકામ કરેલુ માલસામાન સાથે ધમધમતુ કારખાનું વેચવાનું છે
ચિતલથી આગળ બાબરા રોડ ઉપર હાઇવે ટચ ૩ વિઘા વાડી

| | | | | |
|---|---|---|---|---|
| લાઠી રોડ | પ્રમુખસ્વામીમાં પુર્વ દ્વારનું ૧૦૦૦ ફુટ જગ્યામાં ફુલી ફર્નિશ્ડ તદન નવો જ બંગલો | વૃંદાવનમાં 2BHK ફર્નિચર વાળા ત્રણ થી ચાર મકાન તાત્કાલીક વેચવાના છે | કેરીયારોડ ઉપર જુદા-જુદા લોકેશનમાં નાના મોટા નવા જુના મકાન | માણેકપરામાં આશરે સવા ત્રણ વસામાં જુનુ કોર્નરનું મકાન ટાઇટલ કલીયર |

જોઇએ છે
લાઠી રોડના આંગન-વિશ્વાસ-સનફલાવર-ગોકુલધામ-શુભમમાં 1-2-3BHK ફલેટ વેચાણથી અથવા ભાડેથી જોઇએ છે
જુદા-જુદા લોકેશનમાં ચાલુ અથવા પડતર જમીન-ખેડુત ખાતેદારને દરજ્જો ચાલુ રાખવા ૨ લાખના ભાવની જમીન
૧૦ વિઘામાં ફેલાયેલા શૈક્ષણિક સંકુલ માટે ફાઇનાન્સર જોઇએ છે
લાઠી રોડ ઉપર વૃંદાવન-પ્રમુખ-ધરમ-અક્ષરધામ-યોગી-નારાયણ-ગીરધર શિવલીલા-રામાણી-૨ માં નાના મોટા પ્લોટ તેમજ મકાન વેચવાના છે
બ્રાહ્મણ સોસાયટી-સારથીમાં જાતે બનાવેલ બંગલો અરજન્ટ વેચવાનો છે
**લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪**

**સ્પે. કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન**
કાશ્મીર શ્રીનગર
સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર
ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન
દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા
બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ
કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા
લેહ લદાખ
દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ



પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફલાઇટ બુકિંગ • વિઝા
મિથ્સ હોલીડેઝ
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩
૭૫, ગ્રાઉન્ડ ફલોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી







# નોટીસ

## (જાહેર નોટીસ કમ નોટીસ જવાબ)

આથી તમો શ્રી કંચનબેન છનાભાઈ સીંગલ W/O દિનેશભાઈ સીંગલ તેમજ D/O છગનભાઈ મકવાણા, રે. વડીયા - સુરગપરા, તા. કુકાવાવ-વડીયા, જી. અમરેલીવાળાને અમારા અસીલ શ્રી જાંહગીરભાઈ દાદુભાઈ કુરેશી, રે. અમરેલીવાળાની મળેલ સુચના અને ફરમાઇશ અનુસાર અમો રફીકભાઈ આર. મોગલ - એડવોકેટ, રે. અમરેલીવાળા, આપની તા. ૨૩/૦૬/૨૦૨૪ નાં રોજ દૈનિક પત્ર અમરેલી એક્ષપ્રેસમાં પ્રસિધ્ધ કરી કરાવેલ બંને નોટીસનો સંયુક્ત નોટીસ જવાબ તેમજ આ લીગલ નોટીસ વિગતથી તાકીદ કરી કરાવી જણાવીએ છીએ કે,

(૧) આપની જાહેર નોટીસ પ્રસિધ્ધ વિગતની તમામ વિગતનો સ્વીકાર ન કરીએ તે તમામ વિગતનો કાયમી ઈન્કાર સમજવાનો છે. આપના દ્વારા પ્રસિધ્ધ કરેલ નોટીસની વિગત ખોટી ઉપજાવ, ગેરકાયદેસર, ગેરબંધારણી કાયદા પાત્ર ટકવા પાત્ર ન હોય નોટીસનો ઈન્કાર કરી કરાવી છીએ.

ખરી હકીકત મુજબ, અમરેલી તાલુકાનાં અમરેલી શહેરનાં હદવિસ્તાર લાગુ ખેતી જમીન જેના સર્વે નં. ૧૧૨૦ જમીન ખેડ ખાતા નંબર ૨૫૧૭૧ વાળી જમીન સંબંધે બિનખેતી કરી કરાવી લેવા થતી કાર્યવાહી ભાગરૂપે થયેલ કાર્યવાહીમાં મે. ના. કલેકટર સાહેબ - અમરેલીનાં બિનખેતી હુકમ નં. ચિ. જમન-૧-વશી ૧૧૮૫૧-બખપ-એસ આર.- કમ-૨-૧૧-૧૩ તા. ૦૫/૦૧/૨૦૧૩ થયેલ બિનખેતી જમીન પ્લોટ વેચાણ કરી કરાવી લેવા સબબ અમારા અસીલને તમો દ્વારા અલગ-અલગ વિગતથી ભાગીદાર કરારપત્ર વિગતથી સ્ટેમ્પ પેપર ૧૫૩/૩૫૪૩ તા. ૦૭/૦૭/૨૦૧૧ નાં સ્ટેમ્પ પેપર ભાગીદાર કરારપત્ર વિગતથી નોટરી સમક્ષ રજીસ્ટર કરી કરાવી આપેલ છે, તેમજ સદરહું જમીન પ્લોટ વેચાણ કરી કરાવી લેવા આપના તરફથી તા. ૨૪/૧૧/૨૦૧૬ નાં રોજ પ્લોટ વેચાણ કરી કરાવી લેવા મુખત્યારનામા વિગતની વેચાણ કરવા, બાનાખત કરવા તમામ પ્રકારનાં અધિકાર વિગતવાળો મુખત્યારપત્ર નોટરી સમક્ષ રજીસ્ટર કરી કરાવી મુખત્યારનામાની વિગતે સંપુર્ણ તમામ પ્રકારનાં હક્ક - અધિકાર આપેલ છે.

આ વિગત મુજબ તમો દ્વારા પ્રસિધ્ધ કરી કરાવેલ નોટીસમાં ઈરાદાપુર્વક તમામ વિગત છુપાવીને અમારા અસીલને જાહેરમાં ઉતારી પાડવાનાં ઈરાદા તેમજ ધંધાકીય શાખને ધક્કો પહોંચાડવા તેમજ અમારા અસીલનાં ભાગીદારી કરારની વિગતો અમારા અસીલનાં જમીન - વેચાણ કિંમતની અમારા અસીલની ભાગીદારકરાર મુજબની વિગતે લેણી નિકળતી રકમ પચાવી પાડવા કે રકમ નહિ ચુકવવાનાં માત્ર બદઈરાદાથી નોટીસ પ્રસિધ્ધ કરી કરાવેલ હોય અમારા અસીલને કબુલ મંજુર નથી તે વિગતે આપના તરફથી પ્રસિધ્ધ કરી કરાવેલ બંને નોટીસ વિથડ્રો કરી પરત કરી કરાવી કાયમી રદ્દ કરાવી લેવા તાકીદ આપી આપવા નોટીસ આપીયે છીએ.

(૨) આપની નોટીસની વિગત મુજબ આપે જણાવેલ વિગતે કે તમો અને અમારા અસીલને ક્યારેય લેખિત-મૌખિક ક્યારેય સુચના આપીને કરાર રદ્દ કરી કરાવી લેવા કે મુખત્યારનામાં વિગત રદ્દ કરાવી લેવા કોઈ સુચના કે કાર્યવાહી કરેલ નથી તે મુજબ તે તમામ વિગત ખોટી ઉપજાવ હોય અમો સંપુર્ણપણે ઈન્કાર કરીએ છીએ.

(૩) આપની નોટીસ વિગત મુજબ અમરેલી રહીશ ફેસલભાઈ ગફારભાઈ ચૌહાણને જમીન બાનાખત વિગતથી આપેલ વિગત આપની સંપુર્ણ સુચના - સંમતિથી આપના મુખત્યારનામાનાં મળેલ અધિકાર કે બાનાખત કરી કરાવી આપેલ છે અને તેમના પાસેથી વસુલ થયેલ તમામ રકમ તમોએ મેળવી લીધેલ છે તે મુજબ સદરહું સર્વે નં. ૧૧૨૦ વાળી જમીન બિનખેતીથી થયેલ જમીન, પ્લોટ મિલકતનાં વેચાણ બાનાખત કે વેચાણ સંપુર્ણપણે આપની સુચના મુજબ જ વ્યવહાર વહીવટ કરેલ છે અને તે મુજબ સદરહું જમીનમાં વેચાણ વ્યવહાર કરેલ અમરેલી તાલુકાનાં ચાંદગઢ ગામનાં રહિશ જીવુબેન રાજેભાઈ કુરેશીને વેચાણ દસ્તા. રજી. નં. ૨૫૦૫/૨૦૧૫ તા. ૧૮/૦૬/૨૦૧૫ થી વેચાણ દસ્તાવેજ નોંધણી કરી કરાવી આપેલ તે તમામ અન્ય જમીનનાં વેચાણ વ્યવહારથી બાનાખત સોદા ચિઠ્ઠી કે અન્ય રીતે વેચાણ વ્યવહાર મુજબ રકમ વસુલ લીધેલ રકમ તમોએ મેળવેલ છે. અમારા અસીલ તમારા મુખત્યારનામા વિગતે વેચાણ દસ્તાવેજ કરી કરાવી આપવા સક્ષમ હોવા છતાં તમારી સુચના કે તમારી બદદાનત વિગત જમીનનાં ભાવ-કિંમતમાં ઉછાળો થવાથી લીધેલ બાનાની રકમથી વેચાણ દસ્તાવેજ નહિ કરવાનાં માત્ર બદઈરાદાથી તેમજ સદરહું જમીનમાં વધુ વેચાણ કિંમત વસુલ મેળવવાનાં માત્ર એક બદઈરાદાથી આવું વર્તન કરી જાહેર નોટીસ પ્રસિધ્ધ કરાવેલ હોય કાયમી રદ્દ થવા પાત્ર છે.

(૪) ઉપરોક્ત તમામ વિગત મુજબ નોટીસ આપી તાકીદ કરી કરાવી છીએ કે, આપના તરફથી આપેલ મુખત્યારનામા ક્યારેય રદ્દ કરી કરાવેલ ન હોય આજની તારીખ સુધી અમલમાં હોય અને કાયદા સ્વરૂપથી કાયમી રદ્દ ન થાય તે તમામ વિગતથી મુખત્યારનામાં અમલમાં રહેલ છે, તેની નોંધ લેશો. તેમજ...

આપના તરફથી અમો અમારા અસીલ તરફથી સમજુતીકરાર કે ભાગીદારી કરારની વિગતથી કાયમી તમામ વિગત કાયમી અમલમાં રહેલ હોય જેની નોંધ લેશો અને ભાગીદાર ડીડમાં ભાગીદારી પત્ર વિગતે વેચાણ થયેલ તમામ જમીન, પ્લોટ મિલકતનાં ૫૦% હિસ્સા મુજબની અમારા અસીલનાં લાખો રૂપિયાનાં લેણા હિસાબ વહીવટ હિસાબમાં ઉભા હોય તે વિગતથી અમારા અસીલની લેણી નિકળતી તમામ રકમનો આપની પાસે રહેલ હિસાબ વિગતે અમારા અસીલની લેણી રકમ સમય મર્યાદામાં ચુકવવા વ્યવસ્થા કરી કરાવીને અને અમારા હસ્તક બનાખતની વિગતથી કરી કરાવી આપેલ તમામ વેચાણ વ્યવહારની તમોએ લીધેલ વસુલ રકમનો હિસાબ જમા લઇ બનાખતની વિગતે વેચાણ રાખનારને વેચાણ વેચાણ અવેજ બાકીની રકમ વસુલ લઇ દસ્તાવેજ તમો જાતે અગર આપની સુચના મુજબ મુખત્યારનામાવિગતે દસ્તાવેજ કરી કરાવી આપવા સુચના મળે અગર આપની સુચના ન મળે તો પણ આવા દસ્તાવેજ આવા કરી કરાવી આપવા અમારા અસીલ સંપુર્ણ સક્ષમ હોય તે વિગતથી તાકીદ કરી કરાવીએ છીએ.

(૫) આ તમામ વિગત મુજબ આ જાહેર નોટીસ કે વ્યક્તિગત નોટીસ મળે તમો દ્વારા સદરહું વાદગ્રસ્ત જમીનનાં બાનાખત વિગત દસ્તાવેજની કાર્યવાહી તેમજ અમારા અસીલનાં હિસ્સા લેણી રકમ હિસાબ કરી કરાવી અમારા અસીલની નિકળતી રકમ વસુલ આપવા તાકીદ કરી કરાવીએ છીએ. તેમ કરવા કસુર કર્યે અમારા અસીલ દ્વારા લેણી નિકળતી રકમ સંબંધે તેમજ તમામ કાર્યવાહી સંબંધે ભારતીય દંડ સંહિતા આદેશ અન્વયે તેમજ સિવિલ પ્રો. કોડ કલમ સંબંધે કાર્યવાહી કરાવવા વિકલ્પે નવા કાયદા અમલમાં આવે તે મુજબ કાર્યવાહી કરવાની ફરજ પડશે અને આવી થતી તમામ કાર્યવાહીથી ઉદ્દભવતા તમામ પ્રકારનાં ખર્ચ પરિણામ જવાબદારી તમારી રહેશે, જેની ગંભીર પ્રકારે નોંધ લેશો.

આ નોટીસ કમ નોટીસ જવાબ તમારી કસુરનાં કારણે આપવો પડેલ હોય તે તમામ વિગતથી અમોને આવી કાર્યવાહી કરવામાં થતા તમામ પ્રકારનાં ખર્ચ અમો અમારા અસીલ આપની પાસેથી કાયમી વસુલ મેળવી શકશે તે તમામ હક્ક - અધિકાર અબાધિત રાખી આ નોટીસ કમ નોટીસ પ્રત્યુત્તર જાહેર નોટીસથી પ્રસિધ્ધ કરી કરાવીએ છીએ, જેની નોંધ લેશો.

તારીખ : ૦૩-૦૬-૨૦૨૪
અમરેલી
Sd.........................................
જાહંગીરભાઈ દાદુભાઈ કુરેશી

અસીલની સુચનાથી
રફીક આર. મોગલ - એડવોકેટ

રજી.સે.શ.૩૬૭૫૨ ॥ સત્યમેવ જયતે ॥ ઓડીટ વર્ગ 'અ'
**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯
**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**
**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો. ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**
**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેકસ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯








## પુજ્ય પુ.પા.ગો.૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીનાં પુનિત પગલા અવધ હેરિટેજ રિસોર્ટમાં

# અવધ હેરિટેજ રિસોર્ટમાં પુજ્ય શ્રી રાજુબાવાશ્રીની પધરામણી

### પુ.પા.ગો.૧૦૮ આહિતાગ્નિ શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (રાજુબાવાશ્રી) સૌરાષ્ટ્રનાં ગૌરવ સમા અમરેલીનાં અવધ હેરિટેજ રિસોર્ટમાં પાવન પગલા

### અવધ હેરિટેજ રિસોર્ટમાં પધારી અવધ ટાઇમ્સનાં તંત્રી શ્રી ભરતભાઇ ચૌહાણ અને શ્રી રોમિલ ચૌહાણને આશિર્વાદ પાઠવતા પુજ્ય પા. શ્રી રાજુબાવાશ્રી





અમરેલી,

પુજ્ય પુ.પા.ગો.૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રી (રાજુબાવાશ્રી)નાં પુનિત પગલા અવધ હેરિટેજ રિસોર્ટમાં થયા હતાં. અવધ હેરિટેજ રિસોર્ટમાં વૈષ્ણવ સંપ્રદાયનાં આદરણીય અને સરળ સ્વભાવનાં નિરાભિમાની પુજ્ય શ્રી રાજુબાવાશ્રીની પધરામણી થઈ હતી.

પુ.પા.ગો.૧૦૮ આહિતાગ્નિ શ્રી પુરૂષોતમલાલજી મહારાજ (રાજુબાવાશ્રી)નાં સૌરાષ્ટ્રનાં ગૌરવ સમા અમરેલીનાં અવધ હેરિટેજ રિસોર્ટમાં પાવન પગલા થતા તેમનું શ્રી ભરતભાઈ ચૌહાણ અને શ્રી રોમિલ ચૌહાણ દ્વારા ભાવભીનુ સ્વાગત કરવામાં આવ્યું હતું. અવધ હેરિટેજ રિસોર્ટમાં પધારેલ પુજ્ય પુ.પા.ગો.૧૦૮ શ્રી પુરૂષોતમલાલજી મહારાજશ્રીએ અવધ ટાઈમ્સનાં તંત્રી શ્રી ભરતભાઈ ચૌહાણ અને શ્રી રોમિલ ચૌહાણને આશિર્વાદ પાઠવ્યાં હતાં અને રિસોર્ટને નિહાળી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

# અમરેલીમાં અષાઢી બીજ પર્વ ઉજવવા થનગનાટ : તડામાર તૈયારીઓ

### મહોરમ પર્વની પણ તડામાર તૈયારીઓ

અમરેલી,

અમરેલી શહેર અને જિલ્લાભરમાં અષાઢી બીજ તથા મોહરમ પર્વ ઉજવવા આયોજનો થયા છે.

અમરેલી શહેર અને જિલ્લાભરમાં અષાઢી બીજ પર્વ ઉજવવા તડામાર તૈયારીઓ થઈ રહી છે. ધાર્મિક જગ્યાઓ, મંદિરો સહિતનાં સ્થળે અષાઢી બીજ પર્વ નિમિતે અવનવા ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવણી થશે. બીજી તરફ મોહરમ પર્વ પણ ઉજવવા તૈયારીઓ થઈ રહી છે. આ અંગે લોકોમાં ભારે આસ્થા સાથે ઉત્સાહ જોવા મળે છે.





























